**સુવિચાર**

જે પુસ્તકમાં પડ્યું છે એ નહી પણ જેનો ઉપયોગ કરીએ એજ જ્ઞાન છે. સ્વબળ કેળવવું એટલે સ્વતંત્ર રીતે વિચારતા શીખવું.

:: સૌજન્ય ::

**નિલકંઠ જવેલર્સ**
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૬/૦૬/૨૦૨૩, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ જેઠ વદ-૩ વર્ષ : ૧૫ અંક : ૧૪૭

## અમરેલી : ઈશ્વરીયા ગામ નજીક વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી

# અમરેલી જિલ્લામાં એક વર્ષમાં બે લાખ વૃક્ષોનું વાવેતર કરાશે

**પર્યાવરણની જાળવણી અનિવાર્ય, જળ એજ જીવન : સાંસદ કાછડીયા**

**અમરેલી જિલ્લામાં જનસંખ્યા ૧૬.૫૦ લાખ હોય વ્યકિત દીઠ ૩ વૃક્ષો છે**

**બે લાખ વૃક્ષોનું વાવેતર અને ૨૩ લાખથી વધુ રોપાનું વિતરણ કરાશે**

**વિકાસ અને પર્યાવરણનાં જતન વચ્ચે સંકલન જરૂરી : કલેકટર અજય દહિયા**



અમરેલી, તા. ૫

પર્યાવરણના જતન અને વૃક્ષારોપણના મહત્વને આગામી પેઢી સુધી લઈ જવા માટે સમગ્ર વિમાં ' વિ પર્યાવરણ' દિવસની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. રાજયમાં અંબાજી ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો હતો. જયારે અમરેલીનાં ઈશ્વરીયા પાસે આવેલી ડો. કલામ ઈનોવેટીવ સ્કુલ ખાતે સાંસદ નારણભાઈ કાછડીયાની પ્રેરક ઉપસ્થિતિમાં કાર્યક્રમ સંપન્ન થયો હતો. જિલ્લા મથકે યોજાયેલા કાર્યક્રમમાં સૌએ મુખ્યમંત્રીના કાર્યક્રમનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું. કાર્યક્રમના પ્રારંભે મહાનુભાવોનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પર્યાવરણ દિને સાંસ્કૃતિક કૃત્તિ રજૂ કરી પોતાની પ્રતિભા દર્શાવી હતી. સામાજિક વનીકરણ વિભાગ અમરેલી અને વન્યજીવ વિભાગ શેત્રુંજીના સંયુકત ઉપક્રમે યોજાયેલા કાર્યક્રમમાં નાયબ વનસંરક્ષક શેત્રુંજી જયંત પટેલે પ્રાસંગિક ઉદ્દબોધન કર્યુ હતુ.

તેમણે જણાવ્યુ હતુ કે, અમરેલી જિલ્લાની કુલ વસતી આશરે ૧૬ લાખ ૫૦ હજાર છે. જેની સામે જિલ્લામાં પ્રતિ વ્યકિતદીઠ ત્રણ વૃક્ષો છે. અમરેલી જિલ્લામાં વૃક્ષોરાપણને વેગ આપવા માટે વન વિભાગ દ્વારા આ વર્ષે બે લાખ રોપાનું વાવેતર

**અનુસંધાન પાના ૬ ઉપર**

## બાબરા નજીક આવેલ

# રાયપર ગામે માથાનાં દુઃખાવાથી કંટાળી વૃદ્ધાએ ઝેરી દવા પી લેતા મોત

**૩-૪ વર્ષથી માનસિક બીમાર પણ રહેતા હતા**

અમરેલી, તા. ૫

બાબરા તાલુકાનાં રાયપર ગામે રહેતા જયાબેન લાભુભાઈ વાઘેલા નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધા છેલ્લા ૩-૪ વર્ષથી માનસિક બીમાર હોય. જેથી તેમને અવાર-નવાર ચકકર આવતા હોય તથા માથાનો દુઃખાવો હોય, માથુ ફર્યા કરતું હોય. જેનાથી કંટાળી જઈ વૃધ્ધાએ તા. ૩નાં રોજ સવારે ૧૦-૩૦ વાગ્યાના સમયે ઝેરી ટીકડા પી લેતા તેમનું મોત નિપજયાનું બાબરા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

## માર્કેટયાર્ડનાં ચેરમેન શૈલેષભાઈ સંઘાણીનાં વરદ્દહસ્તે

# અમરેલી નાગરિક સહકારી બેંકની માર્કેટયાર્ડ અદ્યતન શાખાનો પ્રારંભ

**વિશાળ લોકરરૂમની વ્યવસ્થા હોવાથી ખેડૂતોની સુવિધા વધી**



અમરેલી, તા. ૫

અમરેલી નાગરિક સહકારી બેંક લી. દ્વારા સાવરકુંડલા રોડ પર આવેલ નવા માર્કેટયાર્ડમાં ૧૪૦૦ ચો.ફૂટ જગ્યામાં અતિ આધુનિક બ્રાંચનું ઉદ્દઘાટન માર્કેટયાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી દ્વારા તારીખ ૫/૬/૨૦૨૩ને સોમવારનાં રોજ ઉદ્દઘાટન કરવામાં આવેલ છે. આ તકે બેંકના ડાયરેકટર પી.પી. સોજીત્રા દ્વારા જણાવવામાં આવેલ છે કે, આ બ્રાંચમાં કરન્ટ એકાઉન્ટ, સેવિંગ એકાઉન્ટ, ફિકસ ડિપોઝીટ, કોઈપણ એગ્રો કોમોડીટી પર ધિરાણ તેમજ વેપારીઓ તેમજ આસપાસનાં ગામડાના લોકોની જરિયાતને ઘ્યાને લઈને ૫૦૦ ચો.ફૂટનો સ્ટ્રોંગરૂમમાં વિશાળ લોકરરૂમની સુવિધા ઉપલબ્ધ કરેલ છે. જેથી આસપાસનાં ગામડાનાં ખેડૂતોને લોકર માટે અમરેલી જવું ન પડે અને અમરેલીમાં અમરેલી નાગરિક સહકારી બેંક સિવાય કોઈપણ બેંક પાસે લોકર ન હોય જેથી અમો દરેક બ્રાંચમાં વિશાળ સ્ટ્રોંગરૂમ સાથે લોકરની સુવિધા ગ્રાહકો માટે ઉપલબ્ધ કરી રહ્યાં છીએ જેનો બહોળો લાભ લેવ માટે અનુરોધ કરેલ છે. આ કાર્યક્રમમાં અમરેલી નાગરિક સહકારી બેંકના ડિરેકટરઓ, અગ્રગણ્ય વેપારીઓ, મહાનુભાવોએ હાજરી આપી આવી અદ્યતન બેંક બનાવવા બદલ અભિનંદન પાઠવેલ હતા.

Krishna Dining Hall
**ક્રિષ્ના ડાઈનીંગ હોલ**
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૬ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ
કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૭૭૭૨

**નારી હોસ્પિટલ**
હવેથી અમો મળીશું નીચેના નવા સરનામા પર
ડૉ. ચિરાગ કુબાવત (M.B.D.G.O.)
Diploma in Gynec Endoscopy (FRANCE)
સ્ત્રીરોગ પ્રસુતી તથા દુરબીનથી થતા ઓપરેશનના નિષ્ણાંત
Mo. 93273 61084
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.)
નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત
Mo. 97237 99091
નારી હોસ્પિટલ હવે નવા રંગરૂપમાં, આધુનિક સાધનો તથા અદ્યતન સુવિધાઓ સાથે દર્દીઓને ઉત્તમ વાતાવરણ તથા સારવાર મળી રહે તે હેતુથી અમો નવી જગ્યાએ પ્રસ્થાન કરી ચુકયા છીએ તો હવેથી અમારૂ નવું સરનામું નીચે મુજબ રહેશે.
નવું સરનામું
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.

## ખાંભા નજીક આવેલ

# ખડાધાર ચેક પોસ્ટ પાસે લઘુશંકા કરવા ઉતરેલા ચાલકને કારે હડફેટે લઈ મોત નિપજાવ્યું

**દિવથી પરત પાલીતાણા જતાં હતા ત્યારે બન્યો બનાવ**

અમરેલી, તા. ૫

ભાવનગર જિલ્લાનાં પાલીતાણા ગામે રહેતા અને ડ્રાયવીંગનો વ્યવસાય કરતા વિપુલભાઈ દેવરાજભાઈ રાઠોડ સહિત તેમના મિત્રો તેમના હવાલા વાળી કાર નં. જી.જે.-૦૪ ડીએન ૧૮૮૧ લઈ દિવ ગયા હતા. ત્યારે ગઈકાલે સાંજના સમયે દિવથી પાલીતાણા પરત જતાં હતા. ત્યારે ખડાધાર પોસ્ટથી આગળ આ વિપુલભાઈને લઘુશંકા કરવા માટે પોતાની કાર થોભાવી અને રોડ ઓળંગી લઘુશંકા કરવા જતાં હતા ત્યારે એક અજાણ્યા ફોર વ્હીલ ચાલકે તેમને હડફેટે લઈ ગંભીર ઈજાઓ કરી મોત નિપજાવ્યાની ફરિયાદ ચલાલા પોલીસમાં નોંધાઈ છે.


**જોઈએ છે...**

(1) કમ્પ્યુટર હાર્ડવેર - સોફ્ટવેર અને નેટવર્ક ના જાણકાર..
(2) પાર્લર મેનેજર

ઉપરોક્ત જગ્યા માટે યોગ્ય લાયકાત ધરાવતા વ્યક્તિએ સંપૂર્ણ બાયોડેટા સાથે રૂબરૂ મળવું...

+91 95109 59957

# ધારી : કાળજાળ ગરમીમાં સિંહ સહિતનાં વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીની સુદ્રઢ વ્યવસ્થા






ગીર વન્ય જીવ અભ્યારણ્ય અને નેશનલ પાર્કનો કેટલોક ભાગ અમરેલી જિલ્લામાં પણ આવ્યો છે. જિલ્લામાં સમાવિષ્ટ ગીર પૂર્વ વિસ્તારમાં આવેલા ધારી તાલુકામાં આવેલા આંબરડી પાર્ક સહિતના આકર્ષણો છે. ગીરના આ સૌંદર્યને જોઈને છેક વિદેશથી પણ પ્રવાસીઓ ગીરમાં સહેલગાહ માટે આવે છે. ગીરને સ્થાનિક લોકો વ્હાલમાં ગાંડી ગીરના હુલામણા નામથી ઓળખે છે. આ ગીરની મુલાકાત લેવી એ પ્રવાસીઓ માટે લ્હાવો છે. અહીં વનના રાજા સિંહ ખુલ્લામાં વિહાર કરે છે. વન વિભાગ, ગીર પૂર્વ ધારી દ્વારા સરાહનીય અને ઉત્કૃષ્ટ કામગીરીઓ કરવામાં આવી છે. ઉનાળાની કાળજાળ ગરમીમાં સિંહ સહિતના વન્ય પ્રાણીઓ માટે પીવાના પાણીની સુદ્રઢ વ્યવસ્થા કરવામાં આવી છે. વર્ષ ૨૦૨૨–૨૩ દરમિયાન વન વિભાગ, ગીર પૂર્વ ધારી દ્વારા કરવામાં આવેલી કામગીરીની વિગતો જોઈએ તો, કુલ ૨૬૮ વોટર પોઈન્ટ દ્વારા વન્યજીવોને પાણીની સગવડતા પ્રાપ્ત થઈ છે. ૮૫ સિંહ , ૧૫૭ દીપડા અને અન્ય ૨૦ વન્યજીવોનું રેસ્કયુ કરવામાં વન વિભાગને સફળતા મળી છે. વન વિભાગ ધારી પૂર્વ દ્વારા ગીર વિસ્તારમાં ૨૦ જેટલી પ્રકૃત્તિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું અને આ પ્રકૃત્તિ શિબિર થકી શાળાના બાળકોને પ્રકૃત્તિ શિક્ષણ ઉપલબ્ધ કરાવવામાં આવ્યું છે. આ કેમ્પમાં બાળકોએ કેમ્પ ફાયરનો આનંદ મેળવી પ્રકૃતિનો નજીકથી પરિચય મેળવ્યો. બાળકોએ પ્રેકિટકલ અભ્યાસ થકી ગીરના જંગલમાં વૃક્ષો, પ્રાણીઓ અને અન્ય વનસ્પતિ વિષયક મહત્વની વિગતો અને માહિતી જાણી. તેથી તેમના પ્રકૃત્તિ વિષયક જ્ઞાનમાં અભિવૃદ્ધિ થઈ છે. ગીર પૂર્વ વિસ્તાર હોય તેવા કુલ ૧૩,૭૦૧ માલઢોરનું સફળ રસીકરણ કરવામાં આવ્યું છે. આમ, રાજયની સરકાર દ્વારા પશુઓના રસીકરણ કરવાની પ્રવૃત્તિ થકી માલઢોરના આરોગ્યની દરકાર કરવામાં આવી રહી છે. ગુજરાત રાજય સરકારના વન વિભાગ દ્વારા પ્રવાસન ક્ષેત્રે અનેક સફળ પ્રયત્ન કરવામાં આવી રહ્યા છે.

**આલેખન : ધર્મેશ વાળા**

### આઈજી અને એસપીનાં માર્ગદર્શન તળે એલસીબીનો સપાટો

# પ્રભાસપાટણ ખાતે ઘોડીપાસાનો જુગાર રમતા ૧૦ ઈસમોની અટકાયત

### રૂપિયા ૨.૬૦ લાખનો મુદ્દામાલ કબ્જે થયો



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

ઉના, તા. ૫

ગીરસોમનાથ એલસીબીનાં ઈ.ચા. પો.ઈન્સ. વી.કે. ઝાલાના માર્ગદર્શન મુજબ ટીમનાં માણસો પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન પો. કોન્સ. નટુભા બસીયા, નરેન્દ્રભાઈ પટાટ, ભાવેશભાઈ મોરી તથા પો.કોન્સ. પ્રવિણભાઈ બાંભણીયા, વિનયભાઈ મોરીનાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે પ્રભાસ પાટણ લાંબીશેરી ભાભા રેસ્ટોરન્ટની બાજુમાં આવેલ વિશાલ જીતેસભાઈ ચીત્રોડાનાં મકાનમાં ઘોડીપાસા જુગારની રેઈડ કરી જુગારધારા અંગે કાયદેસરની કાર્યવાહી કરી પ્રભાસ પાટણ પો.સ્ટે. ગુ.ર.નં. ૨૮૮/૨૦૨૩ જુ.ધા.ક.–૪,૫ મુજબનો ગુન્હો દાખલ કરવામાં આવેલ છે.

આરોપીઓ ૧. વિશાલ જીતેસભાઈ ચીત્રોડા રહે. પ્ર.પાટણ, ૨. રમેશ ઉર્ફે જોકર નથુભાઈ પંડીત રહે. વેરાવળ, ગોપાલભાઈ વીનોદભાઈ ગોહેલ ઉ.વ. ૧૯ રહે. વેરાવળ, ૪. ભીખુભાઈ કાળાભાઈ વાયલુ ઉ.વ.૫૦ રહે. વેરાવળ, ૫. પ્રકાશભાઈ જેરામભાઈ નાગદેવ ઉ.વ. ૩૫ રહે. કોડીનાર, ૬. મહેન્દ્ર જેરામદાસ લાલવાણી ઉ.વ. ૫૧ રહે. પ્ર.પાટણ, ૭. મહેશભાઈ અરજભાઈ દુસાણી ઉ.વ. ૪૮ રહે. પ્ર.પાટણ, ૮. ધીરૂભાઈ મોહનદાસ દુસાણી ઉ.વ. ૩૫, રહે. પ્ર.પાટણ, ૯. જમનાદાસ બચુભાઈ લોઢાવી ઉ.વ. ૪૧ રહે. વેરાવળ, ૧૦. પ્રકાશભાઈ ઉર્ફે અપલો દેવેન્દ્રભાઈ ડોડેજા ઉ.વ. ૪૧ રહે. પ્ર.પાટજ્ઞની રોકડ રકમ રૂા. ૨,૩૮,૪૦૦, મોબાઈલ નંગ–૭ કિ.રૂા. ૨૧,૫૦૦ કુલ મુદ્દામાલ રૂા. ૨,૫૯,૯૦૦ સાથે અટકાયત કરેલ છે.

આ કામગીરી એલ.સી.બી.ઈ. પો.કોન્સ વી.કે. ઝાલા, એ.એસ.આઈ મેસુરભાઈ વરૂ, પો. હેડ કોન્સ. નટુભા બસીયા, નરેન્દ્રભાઈ પટાટ, ભાવેશભાઈ મોરી, ભુપેન્દ્રસિંહ ચાવડા, વિરાભાઈ ચાંડેરા તથા પો.કોન્સ. પ્રવિણભાઈ બાંભણીયા, વિનયભાઈ મોરી દ્વારા કરવામાં આવી હતી.

## જાફરાબાદ : GHCL સ્કીલ તાલીમ સંસ્થા દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી




તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

જાફરાબાદ, તા. ૫

GHCL વોકેશનલ સ્કીલ તાલીમ સંસ્થા દ્વારા ૫ જૂન વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે GHCL SMCD ડિવીઝનલ જનરલ મેનેજર જોશીનાં હસ્તે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને સાથે સાથે તાલીમાર્થી બહેનો દ્વારા પર્યાવરણ જાગૃતિ માટે સ્પીસ પણ આપવામાં આવી હતી.

લોકો પર્યાવરણ માટે જાગૃત થાય તે માટે વિકટર ગામમાં રેલીનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. આ રેલીમાં જંગલ ખાતાનાં કર્મચારીઓ પણ હાજર રહ્યાં હતા. આ રેલી કાઢવાનું મુખ્ય હેતું એ હતો કે લોકો પર્યાવરણ વિશે જાગૃત થાય અને પર્યાવરણની રક્ષા કરે અને ઘરે ઘરે એક એક વૃક્ષ વાવી તેનો ઉછેર કરે અને પૃથ્વીની રક્ષા કરે. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે શૈલેષભાઈ અને અંજલીબેને જહેમત ઉઠાવી હતી તેવું સંસ્થાનાં ઈન્ચાર્જ મહેન્દ્રભાઈ મજીઠીયા દ્વારા જણાવેલ છે.

### સ્વર સાધના ગૃપ દ્વારા સુંદર આયોજન

# સાવરકુંડલા ખાતે સ્વ. રાજકપુરને સ્મરણાંજલિનો કાર્યક્રમ યોજાયો

### કાર્યક્રમ પહેલા ટ્રેન અકસ્માતના મૃતકોને શ્રદ્ધાંજલિ પાઠવાઇ




સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા શહેરનાં મ્યુઝિકલ ગ્રુપ (સ્વર સાધના ગ્રુપ) દ્વારા સ્વ. રાજકપૂરને સ્મરણાંજલિ અર્પણ કરવા અહીં સાવરકુંડલા શહેરમાં શ્રીજી નગર ખાતે રવિવારે સાંજના સાડા છ વાગ્યે એક ખૂબ ખાનગી કાર્યક્રમ યોજાયો. જેમાં સાવરકુંડલા શહેરના નામાંકિત ગાયકોએ સ્વ.રાજકપૂરના ફિલ્મ ગીતો દ્વારા તેનાં સંસ્મરણો વાગોળ્યા.

જેમાં પરેશભાઈ ભટ્ટ, હેતલબેન, પિયુષભાઈ દવે, અમિતભાઈ દવે, મહેન્દ્રભાઈ રાઠોડ, કેવલભાઈ વેલાણી વગેરે રાજકપૂર પ્રેમી ગાયકોએ સ્વ. રાજકપૂરની હીટ ફિલ્મોના યાદગાર ગીતો સંગીત રીધમ સાથે ગાતાં ગાતાં સ્મરણાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ The Tribute to Rajkapoor યોજાયો. સમગ્ર કાર્યક્રમને અંતે સ્વરસાધના સંગીત ગ્રુપ દ્વારા શુક્રવારે ઓરિસ્સા ખાતે બનેલી ગમખ્વાર ટ્રેન અકસ્માતમાં મૃત્યુ પામેલા એ આશા અને અરમાનોભર્યા મૃતકોને પણ ગમગીન હૃદયે શ્રપ્રધાંજલી પાઠવી હતી. આ તકે સાવરકુંડલા શહેરનાં વરિષ્ઠ પત્રકાર બિપીનભાઈ પાંધી પણ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે પણ દિલસોજી વ્યક્ત કરી આ અકસ્માતમાં મૃત્યુ પામેલા નિર્દોષ જીવોને શાંતિ અર્પણ કરવાની પરમ કૃપાળુ પરમાત્મા પાસે પ્રાર્થના કરી હતી.

### ૭ વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પરિણામ મેળવ્યું

# અમરેલીનાં મહિલા વિકાસગૃહમાં નિવાસ કરતી વિદ્યાર્થીનીઓએ ધો. ૧૨ની પરીક્ષામાં શ્રેષ્ઠ દેખાવ કર્યો

### સંસ્થાનાં ટ્રસ્ટીગણ, સમાજ સુરક્ષા અધિકારીએ અભિનંદન પાઠવ્યા

અમરેલી, તા. ૫

શ્રી મહિલા વિકાસ ગૃહ–અમરેલી ખાતે નિવાસ કરીને અભ્યાસ કરતી બાળાઓ ધો.૧૨ની પરીક્ષામાં શાળામાં ટોપટેનમાં બીજા ક્રમે સોલંકી દિપાબેન કે., ત્રીજા ક્રમે બાંભણીયા સંગીતાબેન બી. તેમજ પાંચમા ક્રમે જાદવ મોનીકાબેન જે. અને સાતમા ક્રમે ભમ્મર ગનુબેન જે. સારા માર્કસ સાથે ઉતીર્ણ થયેલ હોય તેમજ ધો.૧૨ સાયન્સમાં ધરોળીયા પિયાબેન એ. અને વાઘેલા પુજાબેન બી. સારા માર્કસ સાથે ઉતીર્ણ થયેલ હોય જે બદલ સંસ્થાના ટ્રસ્ટીગણ, સંસ્થાના હોદ્દેદારો, સ્ટાફગણ તેમજ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી અને જીલ્લા બાળ સુરક્ષા અધિકારી અમરેલી આનંદની લાગણી અનુભવે છે. અને તમામ બાળાઓ ઉત્તરોત્તર પ્રગતિ કરે તેવી શુભેચ્છા પાઠવે છે.

## જુનાસાવરની દીકરીનું શ્રેષ્ઠ પરિણામ આવતા પુર્વ ધારાસભ્યએ શુભેચ્છા પાઠવી



સાવરકુંડલા, તા.૫

સાવરકુંડલા તાલુકાનાં જુનાસાવરની દીકરી તાજેતરમાં લેવામાં આવેલ ધોરણ ૧૦ ની પરીક્ષામાં પ્રથમ નંબરે પાસ થતાં સાવરકુંડલા તાલુકા કોંગ્રેસ સમિતિ તેમજ પુર્વ ધારાસભ્ય પ્રતાપ દુધાત હસ્તે પુષ્પગુચ્છ આપી અને સન્માન કરવામાં આવ્યું હતું. અને આગળ દીકરી અભ્યાસમાં પ્રગતિ અને ઉન્નતિના શિખરો સર કરે તેવી શુભકામનાં પાઠવેલ અને તેમનાં માતા–પિતાને પણ અભિનંદન પાઠવેલ હતા. જેમાં મનુભાઈ ડાવરા પ્રમુખ તાલુકા કોંગ્રેસ સમિતિ, હાર્દિકભાઈ કાનાણી મંત્રી અમરેલી જિલ્લા કોંગ્રેસ ભરત ગીડા પુર્વ ચેરમેન જિલ્લા પંચાયત અમરેલી, કિશોરભાઈ કાનાણી, રમેશભાઈ સાવલિયા, બાલુભાઈ લહેરી, કુંભાઈ ઝાલાવાડિયા, ભરતભાઈ ડાવરા, કાંતિભાઈ કાનાણી, કાળુભાઈ ડાવરા, બટુકભાઈ કાનાણી વગેરે હાજર રહયા હતા.

## સાવરકુંડલા : ખોડિયાર ચોકથી હાથસણી ગામનો માર્ગ બિસ્માર

સાવરકુંડલા. તા.૫

સાવરકુંડલા શહેરનાં ખોડીયાર ચોરથી હાથસણી ગામ સુધીનો પેવર રોડ જે માર્ગ મકાન વિભાગ જિલ્લા પંચાયત હસ્તકનો છે તે રોડ સાવ જર્જરીત થઈ ગયેલ હોય, ઠેર–ઠેર મોટા ગામડાઓ પડી ગયેલ છે. જેથી રાહદારીઓ અને વાહન ચાલકોને ચાલવામાં ખુબ જ મુશ્કેલી પડે છે. અને અવાર–નવાર નાના–મોટા અકસ્માતો ના બનાવ બને છે. આ રોડમાં હરહમેશ ખુબ જ મોટા પ્રમાણમાં ટ્રાફિક રહેતો હોય લોકોને પારાવાર મુશ્કેલીનો અનુભવ કરવો પડે છે. આ બાબતે જિલ્લા પંચાયત બાંધકામ સમિતિનાં ચેરમેન પુનાભાઈ ગજેરાને લેખિતમાં આ રોડ તાત્કાલિક રીપેર કરવા સાવરકુંડલા શહેર ભાજપ પુર્વ મહામંત્રી રામદેવસિંહ ગોહિલ દ્વારા રજુઆત કરવામાં આવેલ છે.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત
(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)
શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ
ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯/૨૩૧૯૫૫
પ્રવેશની ઉત્તમ તક...
ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...
શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે
F.Y.B.Com. SEMESTER-I | S.Y.B.Com. SEMESTER-III | T.Y.B.Com. SEMESTER-V | M.Com. SEMESTER-I
- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થવાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ
- તદન આધુનિક સુવિધા સજજ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- Accounting & Finance, Business Management, Computer Science જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ મળવાપાત્ર છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા
પ્રિન્સિપાલ
મો. ૯૪૨૬૨ ४૩૨૫૦

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક
સવારનાં
૮:૦૦ થી ૧૨:૦૦ સુધી
www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા
મેનેજીંગ ટ્રસ્ટી
મો. ૯૯૯૮૫ ૨૬૮૦૮

# સાવરકુંડલામાં વૃક્ષોનાં વિકાસ માટે ઋષિમુનિઓ, વીર શહીદો, સ્વાતંત્ર્ય સેનાનીનાં નામ જોડી દેવાયા



વિ પર્યાવરણ દિન નિમિતે ખાસ સાવરકુંડલાની પર્યાવરણ ક્ષેત્રે મોટી વાત જાણવા યોગ્ય છે. સાવરકુંડલાના શિવાજીનગરમાં ૧૯૮૯ થી સૂર્યોદય વિદ્યા સંકુલ કાર્યરત છે. હાલ આ સંકુલમાં કે.જી. થી ધો ૧૨ માં આશરે ૧૫૦૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. ખાસ વાત એ છે કે, આ શિક્ષણ સંસ્થામાં પર્યાવરણ વિષય ફકત પુસ્તક પૂરતો જ સીમિત નથી. પરંતુ રોજબરોજનાં વ્યવહારમાં વિદ્યાર્થીઓ ઉતારે તેવો ખાસ અભિગમ દાખવી, આજથી ૩૦ વર્ષ પહેલાં આખા વિસ્તારમાં દેશી કૂળનાં વૃક્ષો વાવેલા અને વિદ્યાર્થીઓએ ખૂબજ જાળવણી કરી એકે એક વૃક્ષો ઉજેર્યા અને અત્યારે આખો વિસ્તાર જાણે નંદનવન જોઈ લ્યો. તમે આ વિસ્તારમાં આવો તો જાણે બરોડા શહેરનો કોઈ વિસ્તાર હોય તેવો એહસાસ થાય છે. આ સમગ્ર લીલી વનરાજી પાછળ, સાવરકુંડલા શહેરનાં પૂર્વ નગરપાલિકા પ્રમુખ ડી.કે. પટેલ અને સૂર્યોદય કેળવણી અને સાંસ્કૃતિક મંડળનાં મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણની મહેનત લેખે લાગી છે. બીજી ખાસ ઉલ્લેખનીય બાબત એ છે કે, આ દરેક વૃક્ષને ઋષિમુનિઓ, વૈજ્ઞાનિકો, વીર શહીદો, સ્વાતંત્ર્ય સેનાનીઓનાં નામ આપવામાં આવ્યા છે. જેથી કોઈ વૃક્ષને નુકશાન પહોંચાડવામાં અચકાય..!! આ શિક્ષણ સંસ્થામાં ચોમાસા દરમિયાન બાળકો પોતાનાં જન્મ દિવસની શુભેચ્છારૂપે પોતાનાં વર્ગના મિત્રોને એક એક વૃક્ષ ભેટ આપે છે. આ ઉપરાંત, એક પર્યાવરણ બ્રિગેડ બનાવવામાં આવી છે, જે દર સપ્તાહે શહેરનાં જુદા જુદા વિસ્તારો અને ગ્રામ્ય વિસ્તારોમાં, વિદ્યાર્થીઓ પોતાની સાયકલ લઈને ઘૂમે છે, જેનો મુખ્ય સંદેશો એ છે કે, કમ સે કમ વિકમાં એકવાર સાયકલનો ઉપયોગ કરો તો ખૂબજ મોટી પર્યાવરણની સેવા ગણાશે. આ સાયકલ બ્રિગેડમાં સૌથી આગળ, આજે ૫૫ વર્ષની ઉંમરે પોતાની સાઈકલ લઈને સંસ્થાના મેનેજિંગ ટ્રસ્ટી પ્રતાપભાઈ ખુમાણ હોય છે. આ ઉપરાંત પોતે ખાસ ઈંગ્લેન્ડની બનાવટની સંપૂર્ણ એલ્યુમિનિયમની સૌથી જુની બ્રાન્ડ 'રેલે' કંપનીની સાઈકલ ઘણાં વર્ષોથી ચલાવે છે, દરરોજ નિયમિત વહેલી સવારે પાંચ વાગ્યે સાવરકુંડલાથી ૧૫ કી. મી. ઓળીયા ગામ સુધી સાયકલિંગ કરે છે. આ ઉપરાંત સાંજે નિયમિત ૫ કી.મી. વોકિંગ પણ કરીને આજના યુવાનોને પર્યાવરણની સાથે પોતાની ફિટનેસ જાળવવા અપીલ કરે છે.

### રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપ થતાં દુઃખ વ્યકત કર્યુ

## ચલાલા : ગંદા પાણીને લઈને જાગૃત નાગરિકે માનવતાનાં હિતમાં રજુઆત કરી હતી

### નાનજીભાઈ હિરપરાએ રાજકારણ કરનારની કાર્યશૈલીને વખોડી

ચલાલા, તા. ૫

ચલાલાનાં જાગૃત નાગરિક નાનજીભાઈ વેકરિયાએ એક નિવેદનમાં જણાવેલ છે કે, વાહ રે સમાજના સ્વાર્થી અને ખાટ સવાદીયા માનવીયો ! આવી હલકી રાજનીતિ તમો રમતા હશો તેની મને કલ્પના નહોતી. મે, આ ચલાલા ગામને ગંદુપાણી મળે છે, તે બાબતે કોને કહી શકાય? તે માટે મિત્રો પાસેથી ચીફ ઓફિસર અને મામલતદાર નો ફોન નંબર મેળવી, બંને સાથે ફોનથી આ બાબતે ઘટતું કરવા એક નાગરિક તરિકે વાત કરી. (આ કોઈ ગુનો નથી ). આ ફોનની આડિયો કિલપ મિત્રોએ શેર કરી.આ વાતને કાગનો વાઘ કરી રાજકીય રંગો પુરી, વાત ચગાવી, જે.વી.કાકડીયાને બદનામ કરવા લાગ્યા ગામ લોકોની ચોખ્ખા પાણી માટેની માંગણી જે જરૂરી હતી, તેને મારા નામની સાથે જે.વી. કાકડીયાનું જોડીને હાઈ લાઈટ કરવાની કયા જરૂર હતી ? મે ભાજપ કે જે.વી.નું નામ બદનામ કરવા ચીફ કે મામલતદારને ફોન કરેલ ન હતો. પણ ખાટ સવાદિયા કૌટુંબીક વિખવાદ ઊભો કરી ધારાસભ્ય જે.વી કાકડીયા પ્રત્યેની પોતાની અંગત નારાજગીની તક શોધીરહ્યા હશો તે મને ખબર ન હતી પણ મનમાં તો ખરાબ વૃત્તિ વાળા નીકળ્યા તે જોવાઈ ગયું. સમાજના કામોમાં સહકાર આપો. રાગદ્વેષ વિખવાદને ગંદી રાજ નીતિઓ છોડો. સૌ સંપીને ગામ અને રાષ્ટ્રના હિતનું વિચારો. તેમ અંતમાં જણાવેલ છે.

### જિલ્લા રોજગાર કચેરી દ્વારા

## અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી તા. ૮ જુનના રોજ ભરતી મેળો યોજાશે

અમરેલી તા. ૫

અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા નિયમિત રીતે અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળ ાનું આયોજન કરવામાં આવે છે. ખાનગી ક્ષેત્રના એકમ પાવર ડ્રાઈવ બીયરીંગ પ્રા.લી. - સાણંદ માટે ૧૮ થી ૩૦ વર્ષની વય મર્યાદા ધરાવતા હોય અને ખાલી જગ્યાઓને અનુરૂપ શૈક્ષણિક લાયકાત ધો.૧૦ પાસ, ધો.૧૨ પાસ, ડિપ્લોમા તેમજ આઈ.ટી.આઈ. તમામ ટ્રેડની તકનીકી લાયકાત ધરાવનારા ઉમેદવારો અરજી કરી શકે છે. ભરતીમેળાનું આયોજન આગામી તા.૦૮ જુન, ૨૦૨૩ને ગુરૂવારના રોજ સવારે ૧૧ વાગ્યે ઔદ્યોગિક તાલીમ સંસ્થા, લાઠી રોડ, અમરેલી ખાતે કરવામાં આવ્યું છે. અનુબંધમ વેબ પોર્ટલના માધ્યમથી ભરતી મેળો યોજાશે. આ ભરતી મેળામાં ભાગ લેનાર રોજગાર ઈચ્છુકોએ ઉપસ્થિત રહેવું. આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ http://anubandhan. gujarat. gov.in/account/signup પર આધાર કાર્ડ, શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. નોંધણી થયા બાદ પોર્ટલ પર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબ ફેરના મેનુમાં કિલક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબ ફેરમાં ભાગ લઈ શકશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, અમરેલીના કોલસેન્ટર નંબર ૬૩૫૭૩ ૯૦૩૯૦ પર સંપર્ક કરવા જિલ્લા રોજગાર અધિકારીએ એક યાદીમાં જણાવ્યું છે.

## અમરેલીનાં ચિત્તલ ગામની એકમાત્ર ગ્રાન્ટેડ શાળાનું શ્રેષ્ઠ પરિણામ







અમરેલી, તા.૫

માર્ચ-૨૩ નું સમગ્ર બોર્ડનું પરિણામ ૭૩% જયારે ચિતલ હાઈસ્કુલ - ચિતલનું પરિણામ ૬૭% આવેલ છે. શાળામાં પ્રથમ વાળા નેહા એ એ ૯૬.૫૧ મેળવેલ છે. જયારે બીજા નંબરે મકવાણા નિરાલી ૯૨.૫૧ અને ત્રીજા નંબરે સોન્ધરવા મીરા ૯૦.૮૪ મેળવે છે. સર્વોદય બાબાપુર પરિવાર અને શાળા પરિવાર ઉતીર્ણ તમામ વિદ્યાર્થીઓને અભિનંદન આપે છે. ચિતલ ખાતે આવેલ એક માત્ર ગ્રાન્ટેડ શાળાનાં સુંદર પરિણામથી સર્વત્ર ગ્રામ્ય પંથકમાં ખુશીની લહેર વ્યાપી ગઈ છે.


























### મુદત પૂરી થતા ગુજરાત રાજ્યસભાની 3 બેઠક ખાલી પડશે

# રાજ્યસભાની ત્રણ બેઠક માટે ઓગસ્ટમાં ચૂંટણી યોજાશે

## ભાજપ આ બેઠકો પર ચહેરા બદલાવી શકે છે, ૧૮ ઓગસ્ટે આ બેઠકોની ૬ વર્ષની ટર્મ પુરી થઇ રહી છે

નવી દિલ્હી, તા.૫

ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં રાજય સભાની ચૂંટણી યોજાવાની સંભાવના છે. રાજ્યસભાની ત્રણ બેઠકો માટે ચૂંટણી યોજાશે. ત્રણેય બેઠકોની ટર્મ પૂર્ણ થવાની હોવાથી રાજ્યસભાની ચૂંટણી યોજાશે. ભાજપ આ બેઠકો પર ચહેરા બદલાવી શકે છે. રાજ્યસભાની ૧૮ ઓગસ્ટે આ બેઠકોની ૬ વર્ષની ટર્મ પુરી થઈ રહી છે. આ માટે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા દેશના રાજ્યસભાની ચૂંટણીને લઈને જે નોડેલ ઓફિસર, ચૂંટણી અધિકારીની નિમણૂક કરવા માટેનો અગાઉ પત્ર લખવામાં આવીને જાણ કરવાવામાં આવી હતી. ગુજરાતમાં ઓગસ્ટ મહિનામાં આ ચૂંટણી યોજાશે તેવી શક્યતાઓ છે. વિદેશ મંત્રી એસ. જયશંકર, જુગલ ઠાકોર અને દિનેશ અનાવડીયાની ટર્મ પૂર્ણ થવાની હોવાથી રાજ્યસભાની ચૂંટણી યોજાશે. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ ભાજપ આ વર્ષે ત્રણ બેઠકો પર પોતાના ચહેરાઓ બદલી શકે છે. કોંગ્રેસનું સંખ્યા બળ ઓછું હોવાના કારણે ૩ બેઠક ફરી ભાજપના ફાળે જાય તેવી શક્યતાઓ છે. ભાજપ ત્રણેય ચહેરા બદલી શકે છે.

વિદેશ મંત્રી એસ. જયશંકરને ફરી રાજ્યસભાથી ભાજપ લડાવશે. આ ઉપરાંત જુગલજી ઠાકોર, દિનેશ અનાવડીયા ડ્રોપ થઈ શકે છે. આ વખતે કોંગ્રેસ તરફથી ફોર્મ ભરાય તેવી શક્યતા નહીંવત છે. આ વખતે ભાજપ એસ. જયશંકર, જુગલજી ઠાકોર અને દિનેશ અનાવડિયામાંથી કોને રિપીટ કરશે તે રસપ્રદ રહેશે. એસ. જયશંકર હાલ વિદેશમંત્રી છે. તેઓ ગુજરાતમાંથી રાજ્યસભાના સાંસદ છે. તેમની કામગીરીને લઈને ફરીથી તેમને રાજ્યસભા સાંસદ તરીકે રિપીટ કરાય તેવી શક્યતા છે.

બીજી બાજુ સુત્રોમાંથી મળતી માહિતી મુજબ જુગલજી ઠાકોર પાસે જે પ્રકારની અપેક્ષા ભાજપે રાખી હતી તે પ્રકારની કામગીરી થઈ ન હોવાની માહિતી સામે આવી છે. ભાજપ ઉત્તર ગુજરાતમાંથી જુગલજી ઠાકોરને ડ્રોપ કરી અન્ય ચહેરો પસંદ કરે તેવી શક્યતા છે. આ ઉપરાંત દિનેશ અનાવડીયાને પણ રિપીટ કરે તેવી શક્યતા ૫૦-૫૦ ટકા લાગી રહી છે. આ વખતે ભાજપ દક્ષિણ ગુજરાતનમાં કોઈ નવો ચહેરો લાવે તેવી સંભાવના દેખાઈ રહી છે.

### કોંગ્રેસના નેતા અમેરિકાના પ્રવાસે

# ભાજપ ભવિષ્યની વાત નથી કરતો : રાહુલ ગાંધી

## રાહુલનું જેવિટ્સ સેન્ટરમાં વિદેશી ભારતીયોને સંબોધન

વોશિંગ્ટન, તા.૫

કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી હાલના દિવસોમાં અમેરિકાના પ્રવાસે છે. જ્યાંથી તેમણે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને તેમની પાર્ટી ભાજપ પર સીધા પ્રહાર કરતા કહ્યું કે આ લોકો ક્યારેય ભવિષ્ય વિશે વાત જ નથી કરતા અને હંમેશા તેમની નિષ્ફળતા માટે ભૂતકાળમાં બીજાને દોષી ઠેરવે છે. અમેરિકાના પ્રવાસે પહોંચેલા રાહુલ ગાંધી જેવિટ્સ સેન્ટરમાં વિદેશી ભારતીયોને સંબોધિત કરી રહ્યા હતા. આ દરમિયાન તેમણે ઓડિશા ટ્રેન દુર્ઘટનામાં મૃત્યુ પામેલા લોકો માટે ૬૦ સેકન્ડનું મૌન પાળ્યું હતું.

ઓડિશા ટ્રેન દુર્ઘટનામાં ૨૭૦ થી વધુ લોકોના મોત થયા છે. કેટલાક લોકો અને વિપક્ષી દળો દ્વારા રેલ્વે મંત્રી અશ્વિની વૈષ્ણવના રાજીનામાની માંગ કરવામાં આવી રહી છે. આ મામલે કોંગ્રેસ નેતા રાહુલે કહ્યું, મને એક ટ્રેન દુર્ઘટના યાદ છે, જ્યારે એ દુર્ઘટના કોંગ્રેસના શાસન વખતે થઈ ત્યારે કોંગ્રેસે એવું નહોતું કહ્યું કે એ ટ્રેન દુર્ઘટના અંગ્રેજોની ભૂલને કારણે થઈ હતી. કોંગ્રેસના મંત્રીએ કહ્યું 'આ મારી જવાબદારી છે' અને હું રાજીનામું આપી રહ્યો છું. કોંગ્રેસના મંત્રીનું નામ લીધા વિના રાહુલ ગાંધીએ કહ્યું કે, તો અમારા ઘરમાં આ જ સમસ્યા છે, અમે બહાના બનાવીએ છીએ અને અમે જે વાસ્તવિકતાનો સામનો કરી રહ્યા છીએ તે અમે સ્વીકારતા નથી.

તેમણે કહ્યું કે ભાજપ અને આરએસએસ ભવિષ્ય જોઈ શકતા નથી. કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ એમ પણ કહ્યું કે, પીએમ મોદી રીઅર વ્યુ મિરર જોઈને કાર ચલાવવાનો પ્રયાસ કરી રહ્યા છે, તેમ છતાં તેઓ સમજી શકતા નથી કે આ કાર કેમ ક્રેશ થઈ રહી છે, આગળ નથી વધી રહી. તમે મંત્રીઓને સાંભળો છો, તમે વડાપ્રધાનને સાંભળો છો, હકીકતમાં તમે તેમને ક્યારેય ભવિષ્ય વિશે વાત કરતા જોશો જ નહીં. તેઓ માત્ર ભૂતકાળની વાત કરે છે. રાહુલ ગાંધીએ કહ્યું, ભાજપ અને આરએસએસ ભવિષ્યને જોવા માટે અસમર્થ છે, કારણ કે તેઓ ક્યારેય ભવિષ્ય વિશે વાત કરતા નથી, તેઓ માત્ર ભૂતકાળની વાત કરે છે અને તેઓ હંમેશા ભૂતકાળ માટે કોઈ બીજાને દોષ આપે છે. તેમણે કહ્યું કે ભારતમાં બે વિચારધારાઓ વચ્ચે લડાઈ ચાલી રહી છે - એકનું પ્રતિનિધિત્વ કોંગ્રેસ કરે છે અને બીજાનું પ્રતિનિધિત્વ ભાજપ અને આરએસએસ કરે છે. આ સાથે રાહુલે કહ્યું, આ લડાઈને વર્ણવવાની સૌથી સરળ રીત એ છે કે એક તરફ મહાત્મા ગાંધી છે અને બીજી તરફ નાથુરામ ગોડસે છે. રાહુલે કહ્યું, તમામ દિગ્ગજ લોકો જે ભારતમાંથી બહાર આવ્યા છે, તમે જોઈ શકો છો કે તેમની પાસે ચોક્કસ ગુણો હતા. પ્રથમ, તેઓએ સત્યની શોધ કરી, તેનું પ્રતિનિધિત્વ કર્યું અને તેના માટે લડ્યા. બીજું, આ બધા લોકો નમ્ર હતા, અને તેમને કોઈ ઘમંડ નથી. અમેરિકામાં ભારતીયોએ આ રીતે કર્યું છે અને તેથી જ અહીં ભારતીયો સફળ થયા છે. આ માટે હું તમારો આદર અને સન્માન કરું છું.

### અરબી સમુદ્રમાં લો પ્રેશરનું ક્ષેત્ર બની રહ્યું છે

# ગુજરાતમાં વાવાઝોડાને લઈને એલર્ટ વરસાદ સાથે જોરદાર પવન ફૂંકાશે

## ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પણ આ ચક્રવાતી તોફાનની અસર જોવા મળશે

ગાંધીનગર, તા.૫

ગુજરાતના અનેક જિલ્લાનું હવામાન બગડવા જઈ રહ્યું છે. રાજયમાં બાયપરજોય ચક્રવાતી વાવાઝોડું આવવાનું છે. જેના કારણે અનેક જિલ્લાઓમાં ભારે પવન સાથે વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર અરબી સમુદ્રમાં લો પ્રેશરનું ક્ષેત્ર બની રહ્યું છે. જેના કારણે આગામી બે દિવસમાં તે ચક્રવાતમાં ફેરવાઈ જશે. ગુજરાત ઉપરાંત મહારાષ્ટ્રના અનેક જિલ્લાઓમાં પણ આ ચક્રવાતી તોફાનની અસર જોવા મળશે. હવામાન વિભાગે જણાવ્યું કે ૫ થી ૭ જૂન સુધી ચક્રવાત બાયપરજોયના કારણે ભારે વાવાઝોડા સાથે વરસાદ પડશે. પવનની ઝડપ ૫૦ કિમી પ્રતિ કલાકની હોઈ શકે છે. ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ભારે પવનની જેમ વરસાદ પડી શકે છે. આ સાથે પાટણ, મોડાસા, મહેસાણા સહિત અન્ય વિસ્તારોમાં પણ વરસાદની ચેતવણી જાહેર કરવામાં આવી છે.

ભારે વરસાદના એલર્ટને પગલે SDRFની ટીમોને પણ એલર્ટ કરી દેવામાં આવી છે. રાજ્ય પ્રશાસને માછીમારોને દરિયામાં ન જવાની સલાહ આપી છે. સ્થાનિક સ્તરે અધિકારીઓને પણ સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે.

બાયપરજોય ચક્રવાતના આગમન બાદ પણ ગુજરાતના ઘણા જિલ્લાઓમાં થોડા દિવસો સુધી વરસાદ ચાલુ રહેશે. લોકોને ગરમીથી રાહત મળશે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર ૭ થી ૧૧ જૂન સુધી વરસાદી માહોલ યથાવત રહેશે. આ સાથે આ વખતે ચોમાસું સમયસર આવી જશે તેવી આશા છે. જોકે, પહેલા કેરળમાંથી ચોમાસું આવશે. આ પછી, તબક્કાવાર મહારાષ્ટ્રમાં આવ્યા બાદ ગુજરાતમાં દસ્તક આપશે.

ઉત્તર ભારતના લોકો આ દિવસોમાં કાળઝાળ ગરમીથી પરેશાન છે. દિવસના તાપમાનમાં વધારો જોવા મળી રહ્યો છે. મેના અંતમાં રાષ્ટ્રીય રાજધાની દિલ્હી-NCRમાં હળવો વરસાદ થયો હતો. ત્યાર બાદ ફરી એકવાર ગરમી વધી છે. દિલ્હી-એનસીઆરના લોકો પણ ચોમાસાની આતુરતાથી રાહ જોવા લાગ્યા છે. જેથી ગરમીથી રાહત મળી શકે.

### ઓડિશા રેલ દુર્ઘટના પર કોંગ્રેસ અધ્યક્ષે સવાલ ઊઠાવ્યા

# રેલવેમાં નવ વર્ષમાં 3 લાખ પદો પર ભરતી કેમ નથી થઈ : ખડગે

## સરકાર દ્વારા ઉતાવળીયા નિર્ણય લેવામાં આવી રહ્યા છે જેના લીધે મુસાફરી અસુરક્ષિત બની ગઈ હોવાનો આક્ષેપ

નવી દિલ્હી, તા.૫

કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકા અર્જુન ખડગેએ ઓડિશાના બાલાસોરમાં થયેલા ભીષણ ટ્રેન અકસ્માત મામલે સવાલો ઊઠાવતાં વડાપ્રધાન મોદીને પત્ર લખ્યો હતો. તેમાં તેમણે રેલવે વિભાગ અને મોદી સરકારના શાસન સામે પણ સવાલો ઊઠાવ્યા હતા.

તેમણે પૂછ્યું કે છેલ્લા ૯ વર્ષથી રેલવેમાં ૩ લાખ પદો પર ભરતી કેમ નથી કરાઈ? ચાર પાનાના પત્રમાં કોંગ્રેસના અધ્યક્ષ મલ્લિકાઅર્જુન ખડગેએ અનેક સવાલો ઊઠાવ્યા હતા. તેમણે કહ્યું કે મોદી સરકાર દ્વારા સતત ખામીયુક્ત અને ઉતાવળીયા નિર્ણય લેવામાં આવી રહ્યા છે જેના લીધે રેલવેમાં મુસાફરી અસુરક્ષિત બની ગઈ છે. તેના લીધે જ ટ્રેનમાં મુસાફરી કરનારા લોકો મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.

રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવને પણ આડેહાથ લેતાં મલ્લિકાઅર્જુન ખડગેએ કહ્યું હતું કે રેલવેમંત્રી તેમની ભૂલ સ્વીકારવા તૈયાર જ નથી. તેમણે પૂછ્યું કે તો પછી શા માટે સીબીઆઈની તપાસના આદેશની વાત કહેવામાં આવી. સીબીઆઈ આવે એનો મતલબ તો એ જ થયો કે અહીં કોઈ ગુનો થયો છે એટલે કે આ કોઈ રેલવેની દુર્ઘટના નથી. સીબીઆઈ હોય કે પછી કોઈ અન્ય કાયદાનું અમલ કરતી એજન્સી એ ટેક્નિકલ, સંસ્થાકીય કે રાજકીય સમસ્યાનો ઉકેલ લાવી ના શકે. રેલવેની સુરક્ષામાં પણ અનેક ટેક્નિકલ નિષ્ણાતો, સિગ્નલિંગ અને મેઈન્ટેનન્સની અછત વર્તાઈ રહી છે. બાલાસોર ટ્રેન દુર્ઘટનાને ઈતિહાસની સૌથી ખરાબ દુર્ઘટના ગણાવતાં ખડગેએ કહ્યું કે રેલવેને વધુ આધુનિક, એડવાન્સ અને અસરદાર બનાવવાની જગ્યાએ તેની સાથે સાવકી માતા જેવું વર્તન કરવામાં આવી રહ્યું છે.

### અભિનેતા છેલ્લા કેટલાક દિવસથી હોસ્પિટલમાં હતા

# મહાભારતમાં શકુનીની ભૂમિકા નિભાવનારા ગુફી પેન્ટલનું નિધન

મુંબઈ, તા.૫

મહાભારત સિરિયલમાં શકુની મામાનો રોલ કરનાર એક્ટર ગૂફી પેન્ટલનું ૭૮ વર્ષની વયે નિધન થયુ છે. તેઓ છેલ્લા ઘણા દિવસોથી મુંબઈની અંધેરીની હોસ્પિટલમાં દાખલ હતા. તેમના નિધનના સમાચાર સુરેન્દ્ર પાલે આપ્યા હતા. તેમના અંતિમ સંસ્કાર આજે સાંજે ૪ વાગ્યે કરવામાં આવશે. આજે ફરી એકવાર ટેલિવિઝનની દુનિયામાંથી દુઃખદ સમાચાર સામે આવ્યા છે.



વરિષ્ઠ અભિનેતા ગૂફી પેન્ટલનું મુંબઈની એક હોસ્પિટલમાં નિધન થયું છે. ગૂફી પેન્ટલ છેલ્લા કેટલાક દિવસોથી હૃદય અને કિડનીની બિમારીને કારણે હોસ્પિટલમાં દાખલ હતા. ગૂફી પેન્ટલ ઘણા શોમાં નજર આવ્યા હતા. જો કે તેમને મુખ્યત્વે 'મહાભારત'માં શકુની મામાની ભૂમિકાથી ઓળખ મળી હતી. તેમના નિધનના સમાચારથી ટીવી જગત શોકમાં છે.ગૂફી પેન્ટલ છેલ્લા કેટલાક દિવસોથી હોસ્પિટલમાં દાખલ હતા અને તેમની હાલત નાજુક હતી. સુત્રોમાંથી મળતી માહિતી મુજબ તે ૧૦ દિવસ સુધી હોસ્પિટલમાં દાખલ હતા. તેમના નિધનના સમાચાર મળતા જ તેના પરિવારને મળવા તેના નજીકના સંબંધીઓ પહોંચી રહ્યા છે. બીઆર ચોપરાની પ્રખ્યાત ઐતિહાસિક સિરિયલ 'મહાભારત'ને દર્શકોનો ઘણો પ્રેમ મળ્યો હતો. આ સિરિયલના દરેક પાત્ર ચાહકોના દિલમાં ખૂબ જ મહત્વની જગ્યા બનાવી લીધી હતી. આ કલાકારોમાં ગૂફી પેન્ટલનું નામ પણ સામેલ છે. આ સિરિયલમાં ગૂફી પેન્ટલે શકુની મામાનું પાત્ર ભજવ્યું હતું. આજે પણ જયારે પણ શકુની મામાના અભિનયની વાત કરવામાં આવે છે ત્યારે તેમાં ગૂફી પેન્ટલનું નામ આવે છે. આ અભિનેતા હવે આપણી વચ્ચે રહ્યા નથી. ગૂફી પેન્ટલની કારકિર્દી ૧૯૮૦ના દાયકામાં હિન્દી ફિલ્મો સિવાય કેટલીક ટીવી સિરિયલોમાં કામ કરીને શરુ કરી હતી. તેમણે એક્ટિંગની દુનિયામાં પગ મૂકતા પહેલા એન્જિનિયર હતા.

### દેશમાં રેલ દુર્ઘટનાનો સિલસિલો જારી

# ચેન્નાઈ એગમોર એક્સપ્રેસના કોચમાં તિરાડ જોવા મળી

## રેલ્વે કર્મચારીઓએ તરત જ તે કોચને ટ્રેનથી અલગ કરી નવો કોચ જોડ્યો અને તેને આગળ રવાના કરતા દુર્ઘટના ટળી

સેંગોટ્ટાઈ, તા.૫

તમિલનાડુના સેંગોટ્ટાઈ રેલ્વે સ્ટેશન પર મોટી દુર્ઘટના ટળી હતી જ્યારે સેંગોટાઈ સ્ટેશન પર આવી રહેલી ચેન્નાઈ એગમોર એક્સપ્રેસના કોચમાં તિરાડ જોવા મળી હતી.ત્યારબાદ રેલ્વે કર્મચારીઓએ તરત જ તે કોચને ટ્રેનથી અલગ કરી નવો કોચ જોડ્યો અને તેને આગળ રવાના કરી હતી.

દક્ષિણ રેલવેએ માહિતી આપી કે, ગઈકાલે બપોરે ૩:૩૬ વાગ્યે તમિલનાડુના સેંગોટ્ટાઈ સ્ટેશન પર ટ્રેન નંબર ૧૬૧૦૨ (કોલ્લમ-ચેન્નઈ એગમોર એક્સપ્રેસ)ના જી૩ કોચમાં તિરાડ જોવા મળી હતી. રેલવે સ્ટાફે તરત જ કોચને ટ્રેનથી અલગ કરી દીધો અને મુસાફરોને અન્ય કોચમાં બેસાડી દીધા હતા. ત્યારબાદ ટ્રેનમાં કોચ બદલી નાખવામાં આવ્યો હતો. ટ્રેનને લગભગ ૪:૪૦ કલાકે આગળ રવાના કરવામાં આવી હતી.

દક્ષિણ રેલવેએ જણાવ્યું કે ક્રેકની જાણ થતાં જ સ્ટાફે કાર્યવાહી કરી અને કોચ બદલી નાખ્યો. તેમણે કહ્યું કે ક્રેક ડિટેક્શન સ્ટાફને તેમની સતર્ક દેખરેખ માટે પ્રશંસા કરવામાં આવશે અને ડિવિઝનલ રેલવે મેનેજર, મદુરાઈ ડિવિઝન દ્વારા તેમનું સન્માન કરવામાં આવશે.

### ઓડિશા રેલ દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો

# વાલી ગુમાવનારા બાળકો માટે સેહવાગની મફત શિક્ષણની ઓફર

## અગાઉ પણ સેહવાગે વર્ષ ૨૦૧૯માં પુલવામા હુમલા બાદ તેણે શહીદ થયેલા જવાનોના બાળકોને ઓફર કરી હતી

નવી દિલ્હી, તા.૫

ઓડિશામાં શુક્રવારે સાંજે થયેલા ટ્રેન અકસ્માતે સમગ્ર દેશને હચમચાવી દીધા છે. ભારતના ઈતિહાસમાં આ સૌથી મોટી રેલ દુર્ઘટના છે. આ અકસ્માતમાં ૨૮૦થી વધુ લોકોએ જીવ ગુમાવ્યા અને હજારો લોકો ઘાયલ થયા હતા. આવી સ્થિતિમાં આ દુર્ઘટનાના પીડિતોની મદદ માટે દરેક વ્યક્તિ પોતાના તરફથી હાથ લંબાવી રહ્યા છે. પૂર્વ ભારતીય ઓપનરે પણ આ પીડિતોને મદદ કરવાનો નિર્ણય લીધો છે. સેહવાગે જાહેરાત કરી છે કે જે બાળકોએ અકસ્માતમાં પોતાના માતા-પિતાને ગુમાવ્યા છે તેમના શિક્ષણનો ખર્ચ તે ઉઠાવશે. ભારતીય પૂર્વ ખેલાડીએ તે બાળકોને સેહવાગ સ્કૂલની બોર્ડિંગ ફેસિલિટીમાં મફત શિક્ષણ આપવાનું નક્કી કર્યું છે. સેહવાગે ટ્વિટર પર આ માહિતી આપી હતી. ઓડિશા અકસ્માતની ફોટો પોસ્ટ કરતા તેણે લખ્યું, 'આ ફોટો અમને લાંબા સમય સુધી પરેશાન કરશે. આ દુઃખની ઘડીમાં, હું ઓછામાં ઓછું આટલું તો કરી જ શકું છું કે આ દર્દનાક અકસ્માતમાં જીવ ગુમાવનારા લોકોના બાળકોના શિક્ષણનું ધ્યાન રાખું. હું આવા બાળકોને સેહવાગ સ્કૂલની બોર્ડિંગ ફેસિલિટીમાં મફત શિક્ષણની ઓફર આપી રહ્યો છું. તમામ પરિવારો માટે પ્રાર્થના અને બચાવ કામગીરીમાં મોખરે રહેલા તમામ બહાદુર સ્ત્રી-પુરુષો, ડોકટરોની ટીમો અને સ્વૈચ્છિક રીતે રક્તદાન કરી રહેલા સ્વયંસેવકોને અભિવાદન. અમે બધા આમાં સાથે છીએ. આ પહેલીવાર નથી કે જ્યારે સેહવાગે આ ઉમદા પગલું ભર્યું હોય, અગાઉ પણ વર્ષ ૨૦૧૯માં પુલવામા હુમલા બાદ તેણે શહીદ થયેલા જવાનોના બાળકોને આ ઓફર કરી હતી.સેહવાગ પહેલા ઉદ્યોગપતિ ગૌતમ અદાણીએ ગઈકાલે ઓડિશામાં થયેલી ટ્રેન દુર્ઘટનાને ખૂબ જ હેરાન કરનારી ગણાવી હતી અને આ અકસ્માતમાં પોતાના માતા-પિતાને ગુમાવનારા બાળકોને મફત શિક્ષણની ઓફર કરી હતી. ગૌતમ અદાણીએ એક ટ્વીટમાં કહ્યું કે પીડિત અને તેમના પરિવારોને મદદ કરવી અને બાળકોનું ભવિષ્ય ઉજ્જવળ બનાવવું એ દરેકની જવાબદારી છે.

### દુર્ઘટનાઓ બાદથી ફૂલપ્રૂફ સિગ્નલ વ્યવસ્થા પર સવાલ

# 3 માસ પહેલાં જ દુર્ઘટનાની આશંકા વ્યક્ત કરાઈ હતી

## અધિકારીનો ત્રણ મહિના પહેલાનો પત્ર વાયરલ થયો છે

બાલાસોર, તા.૫

બાલાસોરની જેમ ૨૦૧૪ની ગોરખધામ એક્સપ્રેસનો અકસ્માત હોય કે પછી ૨૦૧૮માં હરચુંદપુરમાં ન્યૂ ફરક્કા એક્સપ્રેસની દુર્ઘટના. આ દુર્ઘટનાઓની તપાસ બાદ રેલવે સુરક્ષા કમિશનરે ફુલપ્રૂફ સિગ્નલ વ્યવસ્થા પર સવાલો ઊભા કર્યા હતા.

રેલવેના એક વરિષ્ઠ અધિકારીએ ત્રણ મહિના પહેલાથી જ બોર્ડને પત્ર લખીને કોઈ દુર્ઘટનાની આશંકા વ્યક્ત કરતાં તાત્કાલિક સુધારાની વાત કહી હતી પણ તેની અવગણના કરી દેવામાં આવી.

હવે તે અધિકારીનો ત્રણ મહિના પહેલાનો પત્ર વાયરલ થઈ રહ્યો છે ત્યારે રેલવેમંત્રી અશ્વિની વૈષ્ણવ પોતે તેમની સાથે વાત કરીને સ્થિતિનો તાગ મેળવવા પહોંચી ગયા છે. ભારતીય રેલવે પરિવહન મેનેજમેન્ટ સંસ્થાના મહાનિર્દેશક હરિશંકર વર્મા આશરે ૩ વર્ષ સુધી દક્ષિણ પશ્ચિમ રેલવેમાં ફરજ બજાવી ચૂક્યા છે. હરિશંકર વર્મા જ્યારે ત્યાં પ્રિન્સિપાલ ચીફ ઓપરેશનલ મેનેજર બન્યા તો તેમની સામે ટ્રેન ખોટી લાઈન પર જતી રહી હોવાના અનેક મામલા સામે આવ્યા હતા. પહેલા સ્ટેશન માસ્ટરને ચાર્જશીટ જારી કરાઈ. પછી તે ખુદ જ સ્ટેશનોની નોન ઈન્ટરલોકિંગની તપાસ માટે પહોંચી ગયા. ગત ૮ ફેબ્રુઆરીએ બેંગ્લુરુ-નવી દિલ્હી સંપર્કક્રાંતિ એક્સપ્રેસ મેન લાઈનનો સિગ્નલ આપવા છતાં ખોટા ટ્રેક પર લોકો પાયલટની સતર્કતાથી જતા જતા બચી ગઈ. હરિશંકર વર્માએ ઈન્ટરલોકિંગ માટે બનાવેલી સિસ્ટમને બાયપાસ કરી લોકેશન બોક્સમાં થયેલી છેડછાડનો મામલો પકડ્યો અને રેલવે બોર્ડને તેના પર તાત્કાલિક રોક લગાવવા પત્ર લખ્યો. તેમના પત્ર પછી પણ બોર્ડે એલર્ટ જાહેર ન કર્યું અને બાલેશ્વરની દુર્ઘટના સર્જાઈ.

### પૂરક પરીક્ષા મુદ્દે સામે આવી અપડેટ

# ધો. ૧૨ વિજ્ઞાન પ્રવાહની પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ

## ૯ જૂન સુધી પૂરક પરીક્ષાના ફોર્મ શાળાઓ ઓનલાઇન ભરી શકશે

ગાંધીનગર, તા.૫

ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એક-બે વિષયમાં નાપાસ થયેલા ઉમેદવારો માટે મહત્વના સમાચાર સામે આવ્યા છે.

પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાની તારીખ લંબાવાઈ છે. અત્રે તમને જણાવી દઈએ કે, હવે ૯ જૂન સુધી પૂરક પરીક્ષાના ફોર્મ શાળાઓ ઓનલાઈન ભરી શકશે.

એક કે બે વિષયમાં નાપાસ થયેલા વિદ્યાર્થીઓ જુલાઈમાં પૂરક પરીક્ષા આપી શકશે તેમજ ગેરહાજર વિદ્યાર્થીઓ પણ જુલાઈમાં પૂરક પરીક્ષા આપી શકશે. ઉલ્લેખનીય છે કે, અગાઉ ૫ જૂન સુધી પૂરક પરીક્ષાના ફોર્મ ભરવાનો અંતિમ દિવસ હતો જો કે, સમય મર્યાદા વધારી હવે ૯ જૂન સુધી કરવામાં આવી છે, પૂરક પરીક્ષાના ફોર્મ શાળાઓ દ્વારા ઓનલાઈન ભરાઈ રહ્યાં છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડનું ધોરણ ૧૨ સાયન્સનું પરિણામ જાહેર થઈ ગયું હતું. ધોરણ ૧૨ સાયન્સનું ૬૫.૫૮ ટકા પરિણામ જાહેર થયું હતું.

જિલ્લા પ્રમાણે વાત કરીએ તો મોરબી જિલ્લો ૮૩.૨૨ ટકાના પરિણામ સાથે સમગ્ર રાજયમાં મોખરે રહ્યું છે, જ્યારે દાહોદ જિલ્લો છેલ્લા ક્રમે રહ્યો છે.

કેન્દ્રની વાત કરીએ તો સૌથી વધુ પરિણામ હળવદ કેન્દ્રનું ૯૦.૪૧% આવ્યું જ્યારે સૌથી ઓછુ પરિણામ લીમખેડા કેન્દ્રનું ૨૨% આવ્યું અને રાજ્યમાં ૨૭ શાળાઓનું ૧૦૦% પરિણામ આવ્યું તેમજ રાજ્યમાં ૭૬ શાળાઓનું પરિણામ ૧૦%થી ઓછું આવ્યું છે.

### ઓડિશામાં વધુ એક ટ્રેન દુર્ઘટના

# ઓડિશાના બારગઢમાં માલગાડી પાટા ઉપરથી ઊતરી ગઈ

## માલગાડીમાં ચુનાનો પથ્થર ભરાયો હતો અને તેના ૫ કોચ બારગઢ ખાતે પાટા પરથી ઉતરી ગયા : કોઈ નુકસાન નહીં

બારગઢ, તા.૫

ઓડિશામાં ફરી ટ્રેન પાટા પરથી ઉતરી હોવાના સમાચાર મળી રહ્યા છે. બારગઢમાં માલગાડી પાટા પરથી ઉતરી હોવાની માહિતી મળી રહી છે. જણાવવામાં આવી રહ્યું છે કે, માલગાડીમાં ચુનાનો પથ્થર ભરાયો હતો અને તેના ૫ કોચ બારગઢ ખાતે પાટા પરથી ઉતરી ગયા હતા. જો કે આ દુર્ઘટનામાં કોઈને નુકસાન થયું હોવાની કોઈ માહિતી નથી. પોલીસ ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. તમને જણાવી દઈએ કે, ઓડિશાના બાલાસોર જિલ્લામાં શુક્રવારે રાત્રે થયેલી ટ્રેન દુર્ઘટનામાં ૨૮૮થી વધુ લોકોના મોત થયા છે. દેશની સૌથી ભયાનક ટ્રેન દુર્ઘટનાઓમાંની એક આ દુર્ઘટનામાં ૧૧૦૦થી વધુ મુસાફરો ઘાયલ થયા છે. મળતી માહિતી અનુસાર, ડુંગરી લાઈમસ્ટોન ખાણ અને છઝઝ બારગઢના સિમેન્ટ પ્લાન્ટ વચ્ચે ખાનગી નેરોગેજ રેલ લાઈન છે. અહીં લાઈન, વેગન, લોકો બધું જ ખાનગી છે. આ ટ્રેક કોઈપણ રીતે ભારતીય રેલ્વે સિસ્ટમ સાથે જોડાયેલ નથી. આજે વહેલી સવારે તે રેલ્વે લાઈન પરથી ડબા પાટા પરથી ઉતરી જવાની ઘટના બની છે.

### ઉનાળુ વેકેશન બાદ નવું શૈક્ષણિક સત્ર શરૂ

# ૩૫ દિવસના વેકેશન બાદ રાજયની શાળાઓ વિદ્યાર્થીઓના આગમનથી ગુંજી ઉઠી

## નવા શૈક્ષણિક સત્રમાં પરિણામ સુધારવા પર ભાર મુકવા સાથે સફાઈ અભિયાન અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરાશે

અમદાવાદ, તા.૫

૩૫ દિવસના ઉનાળુ વેકેશન બાદ આજથી રાજયની શાળાઓ વિદ્યાર્થીઓના આગમનથી ગુંજી ઉઠી છે. ત્યારે અમદાવાદના નવરંગપુરામાં આવેલી નવરંગ શાળામાં વિદ્યાર્થીઓ ઉત્સાહભેર ભણવા પહોંચી ગયા. જયાં શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓનું તિલક કરીને ભવ્ય સ્વાગત કર્યું.

વેકેશન પૂર્ણ થયા બાદ નવા શૈક્ષણિક સત્રનો પ્રારંભ થતા વિદ્યાર્થીઓમાં અનેરો ઉત્સાહ જોવા મળ્યો.નવરંગ શાળાના ઈન્ચાર્જ આચાર્યએ કહ્યું, નવા શૈક્ષણિક સત્રમાં પરિણામ સુધારવા પર ભાર મુકાશે. સરકારના આદેશ મુજબ સફાઈ અભિયાન અંગે વિદ્યાર્થીઓને જાગૃત કરાશે. સાથે યોગ દિવસ અને રમત ગમતમાં વિદ્યાર્થીઓને એક્ટિવ કરવા સહિતની વિવિધ પ્રવૃત્તિઓ શાળામાં યોજાશે.

## શાળાના વિદ્યાર્થીઓએ શ્રેષ્ઠ પરિણામ મેળવતા શાળા પરિવાર ઝુમી ઉઠયો

# બાબરાની ઓમ વિદ્યાલયનું ધો. ૧૦ અને ધો. ૧૨ નું શ્રેષ્ઠત્તમ પરિણામ

**ધો. ૧૦માં જિયા કરડે ૯૯.૬૬ અને ધો. ૧૨માં વિવેક સિદ્ધપરાએ ૯૯.૫૮ પી.આર. મેળવ્યા**

**મધ્યમ કક્ષાના શહેરમાં ધો. ૧૦ અને ધો. ૧૨નાં વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ શિક્ષણ મળી રહ્યું છે**

**મહાનગરોમાં મોંઘીદાટ ફી ને બદલે સામાન્ય ફી માં સ્થાનિક સ્તરે ઉત્તમ શિક્ષણ**

**ટ્રસ્ટી મહેશભાઈ કોરાટ, એ.ડી. ધોળકિયા, પ્રકાશભાઈ ગોલેતરે તમામ વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી**

બાબરા, તા. ૫

બાબરા શહેરના આવેલ યોગીનગર વિસ્તારમાં કાર્યરત ખાનગી વિદ્યાલય પંચશીલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ઓમ વિદ્યાલયનું ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ઉજ્જવળ પરિણામ આવતા સમગ્ર શાળા પરિવાર દ્વારા પરિણામની શાનદાર ઉજવણી કરી હતી.

અહીં પંચશીલ એજયુકેશન ટ્રસ્ટ સંચાલિત ઓમ વિદ્યાલયનું ધોરણનું ૧૦નું ૮૩.૨૯ % અને ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું ૮૫.૨૮% આવતા બંને વર્ગના વિદ્યાર્થીઓ શિક્ષકો અને વાલીઓ આનંદથી ઝૂમી ઉઠયા હતા.

ઓમ વિદ્યાયલમાં ધોરણ ૧૦ માં અભ્યાસ કરતી વિદ્યાર્થીની કરડ જિયા કાળુભાઈ એ ધોરણ ૧૦માં ૯૯.૬૬ પી.આર. મેળવી સમગ્ર રાજયમાં ગણિત વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ મેળવી વિષય પ્રથમ આવી અને તાલુકામાં બીજું સ્થાન મેળવી શાળાનું ગૌરવ વધારેલ છે.

ધોરણ ૧૨ સામન્ય પ્રવાહમાં ઓમ વિદ્યાયલ નું ૮૫.૨૮ % જેટલું ઊંચું અને ઉજ્જવળ આવતા શાળા પરિવાર દ્વારા મીઠાઈ વિતરણ અને આતશબાજી કરી પરિણામની ઉજવણી કરી હતી. અહીં શાળામાં ધોરણ ૧૨માં અભ્યાસ કરતો વિદ્યાર્થી





વિવેક ચંદ્રેશભાઈ સિદ્ધપરા એ ૯૯.૫૮ પી.આર. મેળવી સમગ્ર તાલુકામાં કેન્દ્ર પ્રથમ આવી શાળા પરિવારનું ગૌરવ વધારેલ છે.

શાળાનું સુંદર પરિણામ આવતા ટ્રસ્ટી મહેશભાઈ કોરાટ, એ.ડી. ધોળકિયા અને પ્રકાશભાઈ ગોલેતર દ્વારા તમામ વિદ્યાર્થીઓ અને શિક્ષકોને અભિનંદન પાઠવ્યા હતા.

## સ્થાનિક સહકારીક્ષેત્રનું રાજકારણ ગરમાયું

# બાબરાની નાગરિક બેન્કની ખાલી પડેલ ડાયરેકટરની ચુંટણી ૧૧ જુને ચુંટણી

**બાબુભાઈ કારેટિયા અને પ્રકાશભાઈ મકવાણાની ઉમેદવારી**

બાબરા, તા.૫

૧૫ કરોડનું વર્કિંગ કેપિટલ ગણાતી બાબરા નાગરિક બેંકમાં અનુ સૂચિત અને સામાન્ય એમ કુલ ડીરેકટરોની ખાલી જગ્યા માટે તા.૧૧મી જૂનના રોજ તારીખે પેટા ચુંટણી યોજાવાની હતી અને તેના માટે ઉમેદવાર દ્વારા ઉમેદવારી ફોર્મ પણ ભરવામાં આવી રહ્યા હતા નાગરિક બેંકની અનુ સુચિત બેઠકમાં પુર્વ નાયબ મામલતદાર પી. એલ. મારૂ તેમજ જાણીતા એડવોકેટ હરેશ મેવાડાએ ઉમેડવારી ફોર્મ રજૂ કર્યુ હતું જયારે સામન્ય બેઠક માટે ભાજપ અગ્રણી જગદીશ વાવડીયા, સહકારી અગ્રણી બાબુભાઈ કારેટિયા, હરેશભાઈ શેલિયા અને એડવોકેટ પ્રકાશભાઈ મકવાણાં ઉમેદવારી ફોર્મ રજૂ કર્યુ હતું.

બે જગ્યા માટે છ ઉમેદવારો દ્વારા ઉમેદવાર પત્ર ભરવામા આવ્યું હતું જેમાં ફોર્મ ચકાસણી દરમિયાન



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

અનુસૂચિત બેઠકના બન્ને ઉમેદવારના ફોર્મ માન્ય નહિ ગણાતા રદ થતા આ બેઠક ખાલી રહી હતી તેમજ સામન્ય બેઠકમાં જગદીશ વાવડીયાનું ફોર્મ રદ થયું હતું અને ઉમેદવાર પરત ખેંચવાના દિવસે હરેશ શેલિયાએ પોતાનું ઉમેદવાર પરત ખેંચતા સાંમાન્ય બેઠકમાં હવે માત્ર બે ઉમેદવાર મેદાનમાં રહી ડિરેકટરની ચૂંટણી લડશે.

બાબરા ખાતે ૧૯૭૯માં સ્થપાયેલી પ્રથમ આર્થિક માતૃ સંસ્થા અને ૧૫ કરોડનું આર્થિક વર્કિંગ કેપિટલ ધરાવતી નાગરિક સહકારી બેંકમાં ખાલી પડેલી બે ડીરેકટરોની જગ્યા માટે આગામી તા.૧૧/૬/૨૩ રવિવારના રોજ પેટા ચુંટણી યોજાનાર છે.

મળતી વિગત મુજબ ગત જનરલ ચુંટણીમાં એકપણ ફોર્મ રજુ નહી થતા ખાલી રહેલી અનુસુચિત જાતી સીટ અને ચુંટાયેલ ડીરેકટર મનુભાઈ શેલિયાના અવસાનથી ખાલી પડેલી જગ્યા ગણી કુલ બે સીટ માટે પેટા ચુંટણી યોજાનાર છે બેંક વર્તુળના જણાવ્યા મુજબ ૨૩૫૪ મતદાર સભાસદમાંથી ૬૬ ડીફોલ્ટર મતદાર સભાસદની બાદબાકીથી કુલ ૨૨૮૮ મતદાર સભાસદ પોતાનો મતાધિકારનો ઉપયોગ કરશે જનરલ બેઠક માટે સહકારી અગ્રણી બાબુભાઈ અમરશીભાઈ કારેટીયા, અને એડવોકેટ પ્રકાશભાઈ રમણીકભાઈ મકવાણા, વચ્ચે ચૂંટણી યોજાશે. નાગરિક સહકારી બેંકના ચેરમેન મનોજભાઈ જોગી તેમજ વાઈસ ચેરમેન ભરતભાઈ ભારદીયાના જણાવ્યા મુજબ બાબરાની બિન રાજકીય પ્રથમ આર્થિક માતૃ સંસ્થા માટે યોજાતી પેટા ચુંટણીમાં મતદાર સભાસદો વધુમાં વધુ મતદાન કરી અને પોતાના પ્રતિનિધિ ચુંટી કાઢે તેવી અપીલ કરી છે.

# લીલીયા મોટા : મોબાઈલ મળી આવતા મુળ માલિકને પરત કરાયો

લીલીયા મોટા, તા.૫, લીલીયા પોસ્ટમાં ફરજ બજાવતા કર્મચારી ફાલ્ગુનીબેન ભટ્ટને રસ્તા પરથી એક મોબાઈલ મળી આવ્યો હતો જે મૂળ માલિક કેવલ બતાડા રહે. સિમરણ વાળાનો હોય જેમની ખરાઈ કરી મૂળ માલિકને લીલીયા હોમ ગાર્ડ જવાન ગોપાલ વાઘેલા અને ઝહિર પઠાણના હસ્તક ખરાઈ કરી પરત કરવામાં આવેલ ત્યારે પ્રમાણિકતાનું ઉત્તમ ઉદાહરણ ફાલ્ગુની બેન દ્વારા પૂરૂ પાડેલ તેમ ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે



# અમરેલી : ૧૦૮ના કર્મચારીઓ દ્વારા વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી



અમરેલી, તા.૫

આજરોજ ૫ જુન એટલે વિશ્વ પર્યાવરણ દિવસ નિમીતે ઈ.એમ.આર.આઈ.ગ્રીન હેલ્થ સર્વિસિસ દ્વારા સંચાલીત ૧૦૮ ઈમરજન્સી સેવાનાં અને ખીલખીલાટનાં કર્મચારીઓ દ્વારા તેમજ આરોગ્ય વિભાગ અને વન વિભાગનાં અધિકારીઓ અને કર્મચારીઓ દ્વારા સાવરકુંડલા ખાતે વૃક્ષારોપણ કરવામાં આવ્યુ હતું. જેમાં હોસ્પિટલનાં આર.એમ.ઓ. ગોહિલ તથા ડો.તરસરિયા, તેમજ અન્ય મેડિકલ ઓફિસર અને હોસ્પિટલ સ્ટાફ તેમજ ફોરેસ્ટ ડિપાર્ટમેન્ટનાં ફોરેસ્ટર ઓફિસર લાધવા મેડમ, જોશી મેડમ, તેમજ મકવાણા તેમજ ૧૦૮ ના જિલ્લા અધિકારી અમાનતઅલી નકલીની હાજરીમાં સારવકુંડલા સબ ડિસ્ટ્રિકટ હોસ્પિટલ ખાતે વૃક્ષારોપણ કરી વિશ્વ પર્યાવરણ દિવસની ઉવજણી કરવામાં આવી હતી. તેમજ અમરેલી જિલ્લામાં અલગ અલગ આવેલ ૧૦૮ તેમજ ખીલખીલાટનાં લોકેશન પરનાં કર્મચારીઓએ દ્વારા પણ વૃક્ષારોપણ કરી અને વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી.

## નાગદેવતા મંદિરે પુજન–અર્ચન કરી

# અમરેલી ખાતે બાલાસોર ટ્રેન દુર્ઘટનાનાં મૃતકોને શ્રદ્ધાંજંલિ અર્પણ કરાઈ

**જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા શોકાંજલિ પાઠવાઈ**




અમરેલી, તા. ૫

તાજેતરમાં ઓરિસાનાં બાલાસોર ખાતે થયેલ ટ્રેન દુર્ઘટનામાં મૃત્યું પામેલ લોકોને શ્રધ્ધાંજલિ અર્પણ કરવાનો કાર્યક્રમ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે.રૈયાણીની આગેવાનીમાં નાગદેવતા મંદિર, રાજમહેલ કેમ્પસ અમરેલી ખાતે યોજાયેલ હતો.

નાગદેવતા મંદિરે પુજન અર્ચન કરી ટ્રેન દુર્ઘટનાં મૃતકોને વૈદિક મંત્રોચ્ચાર સાથે કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા શ્રધ્ધાંજલિ અર્પણ કરવામાં આવેલ હતી. અને મૃતકોનાં પરિવારને પ્રભુ દુઃખ સહન કરવાની શકિત આપેએ પ્રાર્થના કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે.રૈયાણી, અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ મનીષ ભંડેરી, અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ સંદીપ પંડયા, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી જનકભાઈ પંડયા, જગદીશભાઈ તળાવીયા, જિલ્લા કોંગ્રેસ મંત્રી જગદીશ પાનસુરીયા, પ્રદેશ મહિલા કોંગ્રેસ મહામંત્રી હંસાબેન જોશી, સહકારી અગ્રણી દલસુખભાઈ દુધાત, સોશિયલ મીડિયાનાં શરદભાઈ મકવાણા, અમરેલી તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ વિપુલ પોકિયા, જી.પં.પુર્વ સદસ્ય અશોકભાઈ ચાવડા, નજુભાઈ વાળા, બાબુભાઈ માંગરોળીયા, નારણભાઈ મકવાણા, જે.બી. મકવાણા, ડાયા લાલ મહેતા, રાજુભાઈ સોલંકી, હરેશભાઈ અજાણી, રામભાઈ દવે સહિતનાં અગ્રણીઓ ઉપસ્થિત રહયા હતા.



# લીલીયામોટા : અંટાળેશ્વર મંદિરનાં સાનિધ્યમાં સહકારી મંડળીની સાધારણ સભા યોજાઈ




અમરેલી જિલ્લાનાં અંટાળીયા સ્થિત અંટાળેશ્વર મંદિરનાં આંગણે પૂ. શ્રી ભકિતરામબાપુ અને પૂ.શ્રી લવજીબાપુની વિશેષ ઉપસ્થિતિમાં અને નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરિયાનાં અધ્યક્ષ સ્થાને “ શ્રી સમૃદ્ધિ નાગરિક શરાફી સહકારી મંડળી લી.ની ચતુર્થ વાર્ષિક સાધારણ સભા યોજાઈ હતી. આ તકે મંડળીનાં ચેરમેન અને સાંસદ નારણભાઈ કાછડીયાએ ઉપસ્થિત મહાનુભાવો અને સભાસદોને મંડળીની પ્રગતિ અંગે જાણકારી આપેલ હતી. સાથો સાથ મંડળીનાં મંત્રી વિશાલભાઈ સરધારાએ મંડળીનો અહેવાલ સભાસદો સમક્ષ રજૂ કરેલ હતો. આ કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવોએ મંડળીનાં કાર્યોને બિરદાવી મંડળી પ્રગતિ અને વિકાસ માટે શુભેચ્છાઓ પાઠવી હતી. આ તકે ધારાસભ્યો મહેશભાઈ કસવાલા, જે.વી. કાકડીયા, જનકભાઈ તળાવીયા, શિવાભાઈ ગોહિલ, જીલ્લા ભાજપ મહામંત્રીઓ ભુપેન્દ્રભાઈ બસીયા, પીઠાભાઈ નકુમ, મેહુલભાઈ ધોરાજીયા, જીલ્લા ભાજપ પૂર્વ પ્રમુખ દિનેશભાઈ પોપટ, અમર ડેરીનાં ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, એન.સી.યુ.આઈ. ડિરેકટર ભાવનાબેન ગોંડલિયા, જીલ્લા ખરીદ વેંચાણ સંઘનાં ચેરમેને જયંતિભાઈ પાનસુરીયા, પ્રદેશ બક્ષીપંચ મોરચા મંત્રી મયુરભાઈ માંજરીયા, જીલ્લા ભાજપ ઉપાધ્યક્ષ સુરેશભાઈ પાનસુરીયા, શરદભાઈ પંડયા, રામભાઈ સાનેપરા, મનગભાઈ કાનાણી, મધુબેન જોશી, જીલ્લા પંચાયત ચેરમેન નીતિનભાઈ રાઠોડ, જીતુભાઈ ડેર, પુનાભાઈ ગજેરા, વિપુલભાઈ દુધાત, મુકેશભાઈ બગડા, મહુવા માર્કેટીંગયાર્ડ ચેરમેન ઘનશ્યામભાઈ પટેલ, તાલુકા ખરીદ વેંચાણ સંઘ પ્રમુખ જીગ્નેશભાઈ પટેલ, સહકારી મંડળીઓના ચેરમેન હરજીભાઈ નારોલા, અનીલભાઈ વેકરિયા, ગોરધનભાઈ ગેડિયા, જીલ્લા પત્રકાર એકતા સંઘનાં પ્રમુખ સુરેશભાઈ દેસાઈ, વિઠ્ઠલભાઈ માદલિયા, મનુભાઈ દેસાઈ, રમેશભાઈ કાથરોટિયા, કાંતિભાઈ વઘાસીયા, દેવચંદભાઈ કપોપરા, વજુભાઈ ગોલ સહિત જીલ્લાનાં હોદ્દેદારો, જીલ્લા પંચાયત સભ્યો, તાલુકા પંચાયત પ્રમુખો તેમજ સભ્યો, નગરપાલિકા પ્રમુખો તેમજ સભ્યો, તાલુકા શહેર ભાજપનાં પદાધિકારીઓ, સેલ–મોરચાનાં હોદ્દેદારો, ડોકટર્સ, વકીલો, જીનીંગ અને સ્પીનીંગનાં અગ્રણીઓ, વેપારીઓ, સરપંચો, પત્રકારો, મંડળીનાં ડિરેકટરો, સભાસદ ભાઈઓ બહેનો અને આમંત્રિત મહેમાનો ઉપસ્થિત રહ્યાં હતા. ઈમરાન પઠાણની યાદીમાં જણાવેલ છે.

# અમરેલીનાં ગજેરા સ્કૂલ વિદ્યાસભા કેમ્પસમાં શાળા પ્રવેશોત્સવ યોજાયો














અમરેલી ડો. જીવરાજ મહેતા સંસ્થાપિત જિલ્લા વિદ્યાસભા સંચાલિત શ્રીમતિ એસ.એચ. ગજેરા પ્રાયમરી સ્કૂલ, ઈંગ્લીશ મિડીયમ સ્કૂલ, શ્રીમતિ એસ.એચ. ગજેરા ઉ.માધ્યમિક સ્કૂલ તથા શ્રીમતિ ચંપાબેન વસંતભાઈ ગજેરા માધ્યમિક સ્કૂલનાં સંયુકત ઉપક્રમે આજરોજ વિદ્યાસભા કેમ્પસમાં પ્રવેશોત્સવ કરવામાં આવ્યો હતો. વેકેશનનો સમય પૂર્ણ થતાંની સાથે શાળાઓની બિલ્ડિંગ ફરી ધમધમતી જોવા મળી. વિદ્યાર્થીઓનાં આ પ્રવેશોત્સવ ખૂબ જ યાદગાર બની રહે તે માટે શાળા દ્વારા વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું. વિદ્યાર્થીઓમાં પ્રથમ દિવસથી જ વિદ્યા પ્રત્યે પ્રેમ નિર્માણ થાય તે માટે ઢોલ, શરણાઈ વગાડી બાળકોનો ઉત્સાહ વધાર્યો હતો. શાળામાં ફૂલોનું સુશોભન, કલાસરૂમ ડેકોરેશન કરવામાં આવ્યું હતું. કુમકુમ ચાંદલો અને મોઢું મીઠું કરાવી શાળામાં પ્રવેશ આપ્યો હતો. સૌ પ્રથમ બાળકોએ સરસ્વતી માતાની પ્રાર્થના કરી હૃદયપૂર્વક વંદન કર્યા હતા. ખુબ જ ખુશનુમાં વાતાવરણમાં પોતાના વર્ગખંડમાં પ્રવેશ કર્યો હતો.આ પ્રેશોત્સવ પ્રસંગે સંસ્થાનાં પ્રમુખ વસંતભાઈ ગજેરા, ટ્રસ્ટીઓ, મંત્રી મનસુખભાઈ ધાનાણી, મંત્રી ચતુરભાઈ ખુંટ તથા કેમ્પસ ડાયરેકટર હસમુખભાઈ પટેલ નવા શૈ.વર્ષ માટે વિદ્યાર્થીઓ અભ્યાસમાં હંમેશા અવ્વલ નંબર પ્રાપ્ત કરે અને સંસ્કારોનું સિંચન થાય તેવી શુભકામના પાઠવી. તથા ડાયરેકટર વસંતભાઈ પેથાણી તથા તમામ પ્રિન્સીપાલ, કોર્ડીનેટર, શિક્ષકગણ ઉપસ્થિત રહી બાળકોનાં ઉત્સાહમાં વધારો કર્યો હતો. વસંતભાઈ પેથાણીનાં હસ્તે માં સરસ્વતીને ફૂલોથી પૂજન કરી. શ્રીફળ સાકરનો પ્રસાદ અર્પણ કર્યો હતો. નવા પ્રવેશ મેળવનાર વિદ્યાથીઓને પેથાણી દ્વારા શુભેચ્છા પાઠવવામાં આવી હતી.

### સાગરખેડૂ વિકાસ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા

## જાફરાબાદ ખાતે આવેલ જુનો બ્રિજ બંધ કરી દેવાતાં રજુઆત કરાઈ

### અકસ્માત થતાં અટકાવવા જુનો બ્રીજ શરૂ કરો

જાફરાબાદ, તા.૫

જાફરાબાદ ( જી.અમરેલી) ખાતે આવેલ દરીયાઈ ખાડી ઉપર નો બ્રિજ ( પુલ) જે અંદાજીત ૬૦, વર્ષે પહેલા નો બનાવવામા આવેલ આ પુલ રાજુલા જાફરાબાદને જોડતો પુલ છે. જે પુલ ભયગ્રસ્ત હાલમાં હોય તેમજ આ બ્રિજને રિપેરિંગની અને રિનોવેશનની તાતી જરૂરિયાત હોય તે માટે ની રજૂઆત સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા જાહેર બાંધકામ ખાતું ( પી.ડબલ્યુ. ડી ) તથા ઉચ્ચ કક્ષાએ રજૂઆત માં જણાવેલ કે જજરીત જુના પુલ ની મરામત કરવામાં આવતી નથી જો આ પુલ ની તાત્કાલિક મરામત કરવામાં આવેતો તેની આવરદા વધી શકે તેમ છે. પરંતુ આ બાબતને લક્ષ્યમાં નહીં લઈને આ પુલની બન્ને બાજુ થી પતરા મારીને નાગરિકોની તથા વિધાર્થીઓ તથા મોટરસાયકલની અવરજવર બંધ કરી દેવામાં આવી છે. જેથી નાગરિકોને પારાવાર મુશ્કેલીનો સામનો કરવો પડે છે. અત્રે યાદ આપવું જરૂરી છે. કે આ પુલની બાજુમાં જે નવો બ્રિજ બનાવવામાં આવ્યો છે. તેબ્રિજ ઉપરથી જુનો પુલ બંધ કરવાથી ટ્રાફિકનુ પ્રમાણ જેવા કે હેવી વાહનો આ નવા પુલ ઉપરથી પસાર થવાથી અકસ્માતનો ભય સખ્ત સતત રહેતો હોય આ બ્રિજ ઉપરથી સામાકાંઠાના વિધાર્થીઓ, સામાન્ય નાગરિકો, સતત અવર જવર રહે છે. જો જુના બ્રિજને રિપેરિગ કરવામાં આવેતો આ જુના બ્રિજનુ આયુષ્ય વધી શકે છે. અને આ જુના પુલનું રીપેરીંગ તથા રિનોવેશન કરી હેવી વાહનો બંધ કરીને માત્રને માત્ર વિધાર્થીઓ માટે તથા સામાન્ય જનતા માટે આ જુના પુલને રીપેરીંગ તથા રીનોવેશન કરીને ચાલું રાખવામાં આવેતો જનતા ભય મુક્ત તે જુના બ્રિજ ઉપરથી થી અવર જવર કરી શકે તેમ જનતાને મોટી રાહત મળી શકે તેમ છે. જે નવો પુલ છે તેની બન્ને બાજુ ઉંચો ધાર હોવાથી હેવી વાહનો પોતાનું સંતુલન ગુમાવી શકે છે. તેમજ આ નવા પુલ ઉપરથી પસાર થવાથી અકસ્માતનો ભય સખ્ત રહેતો હોય છે. અને માનવ જીંદગી અકસ્માતમાં હોમાઇ તે પહેલાં આ જુના બ્રિજને જનતા માટે રિનોવેશન કરી ને ચાલુ રાખવામાં આવેતો નાગરિકોને મોટી રાહત મળી શકે તેમ છે.અને અકસ્માતનું પ્રમાણ ઘટી શકે તેમ છે. અત્રે નોંધવું જરૂરી છે કે તાજેતરમાં નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એક રીટ પિટિશન (પી.આઇ.એલ.) દાખલ કરવામાં આવેલ પી.આઇ.એલ. નંબર ૮૭/૨૦૨૨ દાખલ કરવામાં આવી હતી તે અંગેનો નામદાર હાઈકોર્ટ તારીખ ૨૨/૦૨/૨૦૨૩ના હુકમ અન્વયે આદેશ કરેલ છે. કે કોઈ પણ જજરિત અથવા ભયગ્રસ્ત સ્થિતીમાં રહેલ બ્રિજ તાત્કાલિક ધોરણે રીપેરીંગ કરવામાં આવે આ જુના પુલ ઉપરથી સામે કાંઠેના રહેતા વિધાર્થીઓ અભ્યાસ કરવા માટે અવર જવર કરવા માટે તેમજ સામાન્ય જનતાને પણ અવર જવર કરવા માટે અને મોટર સાયકલ માટે ખુબજ અનુકૂળ છે. અને બાજુમાં આવેલ નવો પુલ ઉપરથી મહાકાય વાહનો ચલતા હોય અને સાથે ફોરવ્હિલર ચાલતા હોય અને આ નવા પુલ ઉપરથી સામાન્ય જનતા તેમજ વિધાર્થીઓ અવર જવર કરતા હોય અકસ્માતનો સતત ભય રહેલો હોય પ્રવતમાન સમયમાં ટ્રાફિકની સમસ્યા વિકરાળ બની હોય ગમે ત્યારે અકસ્માતનો ભય રહેલો છે. તેવી રજૂઆત સાગરખેડૂ વિકાસ ચેરીટેબલ ટ્રસ્ટ (એન.જી.ઓ.) સંસ્થા દ્વારા કરવામાં આવી છે.





તસ્વીર : ભરત બારૈયા–જાફરાબાદ

પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલીનાં પાદરમાં આવેલ

ઘરોમાં પાણી ધુસી જાય છે, અમુક લોકોનો ધાસચારો પણ પલળી ગયેલો છે. આ અગાઉ ગ્રામ પંચાયાત દ્વારા અરજી કરેલ પરંતુ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ નથી. ત્યાર બાદ ધારાસભ્યનો લોકદરબાર કાર્યક્રમ વેણીવદર મુકામે હતો તેમાં પણ ગ્રામજનોએ લેખિત રજુઆત આપેલ ત્યારે જવાબદાર અધિકારીએ ધારાસભ્યની હાજરીમાં એવો જવાબ આપેલ કે ૩૦ તારીખ સુધીમાં નહેર સાફ થઈ જશે આવી કેટલી ૩૦ તારીખ જતી રહી પણ હાલ સુધીમાં કોઈપણ દ્વારા કોઈ પણ પ્રકારની કાર્યવાહી થયેલ નથી. આ ડેમની બાજુમાં સાફ સફાઈ માટે સરકાર વાર્ષિક નાણા મંજુર કરતી હશે. પરંતુ સ્વચ્છતા કોઈ જ થતી નથી અને થતી હશે તો માત્ર કાગળ પરજ થતી હશે. આ નહેર તાત્કાલિક સાફ સફાઈ અમોને સ્થળ પર રૂબરૂ સાથે રાખીને કરાવવામાં આવે અને જો આ નહેર તાત્કાલિક સાફ સફાઈ ન કરવામાં આવી અને જો કોઈ જનમાલનું નુકશાન થશે. તો તેનું જવાબદારી તંત્ર અને અધિકારીની રહેશે. તેમ અંતમાં જણાવેલ છે.

### સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૫૧ | ૧૪૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૩૫૧ | ૧૫૨૫ |
| ૩ | શીંગદાણા | ૧૬૫૧ | ૧૮૦૧ |
| ૪ | તલ સફેદ | ૨૪૦૦ | ૨૮૦૦ |
| ૫ | તલ કાળા | ૨૩૦૦ | ૨૮૦૦ |
| ૬ | જીરૂ | ૭૦૦૦ | ૮૪૦૦ |
| ૭ | કપાસ | ૧૪૧૦ | ૧૫૬૩ |
| ૮ | ઘઉં લોકવન | ૪૩૦ | ૫૩૨ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૩૮ | ૬૦૩ |
| ૧૦ | બાજરો | ૩૭૫ | ૪૪૨ |
| ૧૧ | જુવાર | ૫૦૦ | ૯૬૫ |
| ૧૨ | મકાઈ | ૪૫૬ | – |
| ૧૩ | મગ | ૧૫૨૫ | ૧૭૨૦ |
| ૧૪ | સૂર્યમુખી | ૬૬૦ | – |
| ૧૫ | ચણા | ૮૫૦ | ૯૬૫ |
| ૧૬ | તુવેર | ૧૪૦૦ | ૧૮૦૦ |
| ૧૭ | એરંડી | ૮૮૦ | ૧૦૦૦ |
| ૧૮ | સુવાદાણા | – | ૨૭૦૧ |
| ૧૯ | ગમગુવાર | ૭૫૦ | ૮૬૦ |
| ૨૦ | ધાણા | ૯૧૧ | ૧૨૫૧ |
| ૨૧ | સોયાબીન | ૮૦૦ | ૯૪૨ |

પાના ૮ ઉપરનું ચાલું

### અમરેલીમાં મિલ્કત વેચાણ માટેની

શુભેચ્છા મુલાકાત કરી બુકે આપી સન્માન કરવામાં આવ્યું હતું.

ઉપરાંત અમરેલી શહેરમાં રાજ્ય સરકાર દ્વારા બટારવાડી વિસ્તારને અશાંત ધારા વિસ્તાર જાહેર કરવામાં આવેલ છે. સરકાર દ્વારા અશાંતધારા નોટિફાઇડ કરેલ વિસ્તારની ત્રિજ્યામાં ૫૦૦ મીટર અંતરમાં આવેલ તમામ સર્વે નંબરોમાં કોઈપણ મિલકત હસ્તાંતરણ કરવા માટે જિલ્લા કલેકટરની મંજૂરી અનિવાર્ય છે. અમરેલી શહેર ખૂબ જ ઓછી વસ્તી ધરાવતું હોય અને બટારવાડી વિસ્તારની ૫૦૦ મીટરની ત્રિજ્યામાં શહેરનો મોટાભાગનો એરિયા સમાવિષ્ટ થતો હોય, હાલમાં ઘણા વિસ્તારોમાં મિલ્કતના હસ્તાંતરણ માટે કલેકટર અમરેલીની મંજૂરી જરૂરી હોય હાલ કેટલાય મિલ્કત ધારકો અને ખરીદનારાઓની મિલ્કતની દસ્તાવેજ નોંધણી માટે મંજૂરી આપતી અરજીઓ પેન્ડિંગ છે.

અશાંત ધારા નોટીફાઈડ વિસ્તારના મિલ્કત ધારકોને પોતાની મિલ્કત વેચવા અને વેચાણ બાદ અન્ય જગ્યાએ રોકાણ કરવા ઈચ્છતા હોવા છતાં જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ૬ મહિના કરતાં વધુ સમયથી મિલ્કત વેચાણ માટેની મંજુરીની અરજીઓ કરવા છતાં હજુ સુધી મિલકત વેચાણની મંજૂરી મેળવી શકયા નથી.

મિલકત વેચાણની વહીવટી તંત્ર દ્વારા મંજૂરી ન મળવાથી કેટલાય લોકોના આર્થિક વ્યવહારો અટકેલા છે અને ઘણા કિસ્સામાં નક્કી થયેલ સોદાઓ રદ થવાથી ઘણા લોકોને આર્થિક નુકશાન સહન કરવાની નોબત આવેલ છે.

આ બાબતે જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કલેકટર અમરેલીને આવેદન પત્ર પાઠવી, સરકાર દ્વારા નોટીફાઈડ અશાંત ધારા વિસ્તારમાં મિલકત વેચાણ માટેની મંજુરી માટે આવેલ અરજીઓ ઝડપથી મંજૂર કરવામાં આવે, મંજુરી માટે જરૂરી પ્રક્રિયા માટે સલંગ્ન સરકારી વિભાગો દ્વારા જે કાર્યવાહી કરવાની થતી હોય તે કાર્યવાહી ઝડપથી પૂરી કરવા આદેશ આપવામાં આવે અને અમરેલી શહેરના મિલ્કત વેંચવા કે ખરીદવા ઈચ્છતા લોકોને ત્વરિત રીતે મિલ્કત વેચાણ માટેની મંજુરી મળી રહે તે માટે વહીવટી તંત્રને આદેશ આપવામાં આવે એવી માંગણી લોકહિતમાં ત્વરિત નિર્ણયની અપેક્ષાએ કરવામાં આવેલ હતી.

આ કાર્યક્રમમાં જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી, અમરેલી તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ મનીષ ભંડેરી, અમરેલી શહેર કોંગ્રેસ સમિતિ પ્રમુખ સંદીપ પંડયા, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી જનકભાઈ પંડયા, જગદીશભાઈ તલાવિયા, જિલ્લા કોંગ્રેસ મંત્રી જગદીશ પાનસુરીયા, પ્રદેશ મહિલા કોંગ્રેસ મહામંત્રી હંસાબેન જોશી, સહકારી અગ્રણી દલસુખભાઈ દુધાત, સોશિયલ મીડિયાના શરદભાઈ મકવાણા, અમરેલી તાલુકા કોંગ્રેસ ઉપપ્રમુખ વિપુલ પોંકિયા, જીલ્લા પંચાયત પૂર્વ સદસ્ય અશોકભાઈ ચાવડા, નજુભાઈ વાળા, બાબુભાઈ માંગરોલીયા, નારણભાઈ મકવાણા, જે.બી. મકવાણા, ડાયાલાલ મહેતા, રાજુભાઈ સોલંકી, હરેશભાઈ અજાણી, રામભાઈ દવે સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૫૦ | ૧૪૬૧ |
| ૨ | ધાણા | ૯૩૫ | ૧૧૦૦ |
| ૩ | ચણા | ૭૫૭ | ૯૨૦ |
| ૪ | ઘઉં લોકવન | ૪૨૭ | ૪૬૫ |
| ૫ | શીંગ ફાડા | ૧૫૪૦ | ૧૫૮૫ |
| ૬ | એરંડા | ૯૫૦ | ૯૫૦ |
| ૭ | જુવાર | ૫૦૦ | ૮૫૨ |
| ૮ | સફેદ તલ | ૨૨૭૦ | ૨૫૮૨ |
| ૯ | મગ | ૧૬૫૦ | ૧૬૫૫ |
| ૧૦ | સોયા | ૭૫૫ | ૯૩૨ |
| ૧૧ | કાળા તલ | ૧૯૦૦ | ૨૫૮૧ |
| ૧૨ | મગફળી | ૧૧૩૫ | ૧૨૯૦ |
| ૧૩ | ઘઉં ટુકડા | ૪૩૮ | ૪૭૨ |
| ૧૪ | મેથી | ૧૦૦૨ | ૧૦૩૫ |
| ૧૫ | અડદ | ૯૪૫ | ૧૬૯૦ |
| ૧૬ | મકાઈ | ૩૦૦ | ૫૪૨ |
| ૧૭ | શીંગ દાણા | ૧૮૩૪ | ૧૯૯૦ |
| ૧૮ | તુવેર | ૧૩૮૦ | ૧૫૩૦ |
| ૧૯ | મઠ | ૧૩૦૦ | ૧૩૦૦ |

પાના ૮ ઉપરનું ચાલું

### સાવરકુંડલાનાં વોડ–૭માં

તે પેવિંગ બ્લોક ફિટ કરતી વખતે સાઈડમાં સિમેન્ટ પણ નાખેલ નથી તેમજ જુના ફિટ કરેલ પેવિંગ બ્લોક ઉપર જે જીણી રેતી નાખવાની હોય છે તે જીણી રેતી પણ નાખવામાં આવેલ નથી એટલે જેમ જૂના બ્લોક ખોલ્યા તેવી રીતે જ ફિટ કરી દીધા છે કોઈપણ પ્રકારનું વ્યવસ્થિક કે સારૂં કામ કરેલ નથી એટલે નગરપાલિકાના જવાબદાર અધિકારી કે એન્જીનીયરની સુપરવાઈઝરની દેખરેખના અભાવે ભ્રષ્ટાચારયુકત કામ કરવામાં આવેલ છે. એટલે તે રોડના કામનું બિલ ન ચૂકવવા ચીફ ઓફિસરને રજૂઆત કરવામાં આવેલ છે. આમ છતાં ભ્રષ્ટાચારયુકત કામગીરીનું બિલ ચૂકવવામાં આવશે તો બિલ ચૂકવનારની અંગત જવાબદારી રહેશે.

પાના ૧ ઉપરનું ચાલું

### બે લાખ વૃક્ષોનું વાવેતર કરાશે

કરવામાં આવશે જયારે ૨૩ લાખથી વધુ રોપાનું વિતરણ કરવાનો લક્ષ્યાંક છે.

આ પ્રસંગે જિલ્લા કલેકટર અજય દહિયાએ પર્યાવરણ અને વિકાસ વચ્ચે સંતુલન સાધવા માટે સહિયારા પ્રયાસો કરવા જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ કે, વિકાસ અને પર્યાવરણ બચાવવા વચ્ચે સંતુલન સાધવો અનિવાર્ય છે. પર્યાવરણના જતન માટે સરકારના જુદાં–જુદાં કાયદાઓ અને કાર્યક્રમો અમલમાં છે પરંતુ આ કાર્ય સહિયારા પ્રયાસોથી કરવામાં આવે તો ધાર્યુ પરિણામ મળી શકે છે. કોરોના કાળમાં પ્રદૂષણનું સ્તર ઘટયું તેના સારા પરિણામો આપણે સૌએ નિહાળ્યા હતા. પ્લાસ્ટિક સહિતના પ્રદૂષણોને નાથવા જરૂરી છે. આપણે આત્મ જાગૃત્તિ સાથે પર્યાવરણ બચાવવા માટે કાર્ય કરશું તો ચોક્કસથી પરિણામ મળશે.

કાર્યક્રમમાં સંબોધન કરતા સાંસદ નારણભાઈ કાછડિયાએ વૃક્ષારોપણને ઝુંબેશ સ્વરૂપે ઉપાડવા માટે આહવાન કર્યુ હતુ. ફકત વૃક્ષારોપણ પૂરતું સીમિત ન રહેતાં તેના જતન માટે કાળજી રાખવા માટે પણ તેમણે જણાવ્યુ હતુ. તેમણે કહ્યુ હતુ કે, પર્યાવરણના જતન માટે સહિયારા પ્રયાસો જરૂરી છે. આપણે પર્યાવરણની જાળવણી કરવાની જ છે, જળ એ જ જીવન છે. વનવિભાગ પ્રજા સાથે મિત્ર બની અને આ અભિયાન ચલાવે તે જરૂરી છે. તેમણે પ્રદૂષણોના સાત પ્રકાર વિશે જણાવી તે નાથવા શું કરી શકીએ તે વિશે જણાવ્યુ હતુ. આ સાથે જ તેમણે પોતાના પર્યાવરણ પ્રેમને ઉજાગર કરતા દષ્ટાંતો ટાંકયા હતા.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે શાળા પરિસરમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવોએ લીલી ઝંડી બતાવી રોપા વિતરણ માટેના પર્યાવરણ રથને પ્રસ્થાન કરાવ્યું હતું. કાર્યક્રમની આભાર વિધિ રેન્જ ફોરેસ્ટ ઓફિસર જયોતિબેન ખાખસે કરી હતી. આ કાર્યક્રમમાં ધારી–બગસરા–ખાંભાના ધારાસભ્ય જે.વી. કાકડીયા, લાઠી–બાબરાના ધારાસભ્ય જનકભાઈ તળાવિયા, જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન વિપૂલભાઈ દુધાત, સામાજિક ન્યાય સમિતિના ચેરમેન મુકેશભાઈ બગડા, પોલીસ અધિક્ષક હિમકરસિંઘ, નાયબ વનસંરક્ષક ગીર પૂર્વ વન વિભાગ રાજદીપસિંહ ઝાલા, સામાજિક વનીકરણ વિભાગ અમરેલી મદદનીશ વન સંરક્ષક એમ.યુ. શેખ, નાયબ જિલ્લા શિક્ષણાધિકારી સોલંકી, સંસ્થાના ટ્રસ્ટી ઠાકરશીભાઈ મેતલિયા, ધાર્મિક, સામાજિક, પર્યાવરણપ્રેમી આગેવાનો, વિવિધ એન.જી.ઓ.ના પ્રતિનિધિઓ, જિલ્લાની વિવિધ શાળા–કોલેજના વિદ્યાર્થીઓ અને વનવિભાગના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

### ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૨૧૫ | ૧૪૫૦ |
| ૨ | મગફળી | ૧૦૭૦ | ૧૩૦૧ |
| ૩ | ઘઉં લોકવન | ૪૨૧ | ૪૭૫ |
| ૪ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૫૧૦ |
| ૫ | ચણા | ૮૦૩ | ૯૦૫ |
| ૬ | સફેદ તલ | ૨૦૦૦ | ૨૫૮૯ |
| ૭ | કાળ તલ | ૨૫૬૫ | ૨૫૬૫ |
| ૮ | સોયાબીન | ૯૭૦ | ૯૭૦ |
| ૯ | મગ | ૧૬૭૦ | ૧૭૧૧ |
| ૧૦ | એરંડા | ૧૦૪૮ | ૧૦૪૮ |
| ૧૧ | શીંગ દાણા | ૧૪૦૦ | ૧૬૮૫ |

**સંકુલ MBA - MCA - બી.ફાર્મ - એમ.ફાર્મ - B.Ed. પ્રવેશ**
**સંકુલ PG-DMLT - ઈન્ટીગ્રેટેડ MBA - M.Sc. કેમેસ્ટ્રી પ્રવેશ**

- ★ PG - DMLT માં B.Sc. માઈક્રો – BC – ઝૂલોજી – કેમેસ્ટ્રી ને પ્રવેશ
- ★ ઈન્ટીગ્રેટેડ MBA - 5 વર્ષનો GTU કોર્સ – ધો. ૧૨ કોમર્સ ને સીધો પ્રવેશ
- ★ M.Sc. કેમેસ્ટ્રી – M.Sc. માઈક્રોબાયોલોજી – બાયોટેકનોલોજી – બાયોકેમેસ્ટ્રી
- ★ GPSC – સ્પર્ધાત્મક પરિક્ષા – ડેઈલી બન્ને શીફ્ટ નિઃશુલ્ક ક્લાસ

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, ચક્કરગઢ રોડ, અમરેલી ★ ફોન:[illegible] Ad045

## ૨૦ લાખ વૃક્ષોનું વાવેતર કરીને તેનો ઉછેર કરવામાં આવી રહ્યો છે

# સદ્ભાવના વૃદ્ધાશ્રમનું રાજયમાં ૨૦ કરોડ વૃક્ષોનું લક્ષ્યાંક

**ગુગલ મેપમાંથી કોઇ વિદેશમાંથી પણ જોવે તો તેને ગુજરાત લીલુછમ દેખાય તે રીતે કામગીરી ચાલી રહી છે**

**રાજકોટની પર્યાવરણ સંસ્થાએ અમરેલી પંથકમાં પણ હજારો વૃક્ષોનું વાવેતર અને જતન શરૂ કર્યુ છે**

**૨૫૦ ટ્રેક્ટર, ૨૫૦ ટેન્કર અને ૭૦૦ કર્મચારીઓ દ્વારા વૃક્ષારોપણ અને વૃક્ષ જતનની કામગીરી શરૂ**

**વન પંડિત એવોર્ડથી સન્માનીત વિજયભાઇ ડોબરીયાની સુંદર કામગીરી**






રાજકોટ, તા. ૫

સદ્ભાવના વૃદ્ધાશ્રમનું ગુજરાતને ગ્રીન સ્ટેટ બનાવવાનું મહત્વાકાંક્ષી સ્વપ્ન છે. અત્યાર સુધીમાં ગુજરાતનાં ૧૦ જિલ્લાઓમાં ૨૦ લાખ વૃક્ષોનું વાવેતર અને જતન પણ થઇ ગયો છે. આગામી વર્ષોમાં સમગ્ર ગુજરાતમાં ૨૦ કરોડ વૃક્ષો વાવવામાં આવશે અને તેનો ઉછેર પણ કરવામાં આવશે. ગુગલ મેપમાંથી કોઇ વિદેશમાંથી પણ જોવે તો તેને ગુજરાત લીલુછમ (ગ્રીન ગુજરાત) દેખાય એ સદ્ભાવના વૃદ્ધાશ્રમનું સાત્વિક સ્વપ્ન છે. સાથોસાથ તેના જતનની પણ તકેદારી લેવામાં આવશે. જેને ખૂબ ટૂંકા સમયમાં ૨૦ લાખ વૃક્ષો વિનામૂલ્યે પીંજરા સાથે વાવી તેનું જતન કરવામાં આવ્યું છે, મિયાવાકી જંગલ સ્વરૂપે કરાયું છે, વૃક્ષો વાવીને મોટું ભગીરથ કાર્ય કર્યુ છે. વૃક્ષો વાવવા સહેલા છે. પણ તેની માવજત કરવી અઘરી છે. જયારે આ સંસ્થા દ્વારા વૃક્ષોના વાવેતર સાથે તેને પિંજરાથી રક્ષણ આપવામાં આવે છે અને સાથે જાહેર સ્થળોએ વાવેલા વૃક્ષોને પાણી પીવડાવવા સહિતની કામગીરી કરીને તેના ઉછેરની સંપૂર્ણ જવાબદારી નિભાવવામાં આવે છે. સદ્ભાવના વૃધ્ધાશ્રમનું 'ધ ગ્રીન મેન' તરીકે જાણીતા વિજયભાઇ ડોબરીયા સફળ રીતે સુકાન સંભાળી રહયા છે. તેઓએ વડીલોની અને પર્યાવરણની બન્નેની સેવા કરવાના સંકલ્પ સાથે નાની એવી સંસ્થા શરૂ કરી હતી જે આજે ભગીરથ કાર્યોથી વટવૃક્ષ બનીને લોકપ્રિય બની છે, સંચાલકોનાં માર્ગદર્શન હેઠળ સદ્ભાવના વૃધ્ધાશ્રમની ટીમ વૃક્ષારોપણની કામગીરી પુરજોશમાં કરી રહી છે. સંસ્થા હાલ ૨૫૦ ટ્રેકટર, ૨૫૦ ટેન્કર વડે વૃક્ષોને નિયમીત રીતે પાણી પીવડાવી ૭૦૦ લોકોનો પગારદાર સ્ટાફ આ અભિયાન ચલાવી રહી છે. આ અભિયાન પાછળ અંદાજીત અઢી સો કરોડથી પણ વધુનો ખર્ચ કરવામાં આવ્યો છે. જે માટે રાજય સરકારે 'ધ ગ્રીન મેન' વિજયભાઇ ડોબરીયાનું વન પંડીત' એવોર્ડથી સન્માન પણ કર્યુ હતું. રાજકોટ શહેરમાં જુદા– જુદા અનેક રસ્તાઓ પર વૃક્ષારોપણ કરીને રળીયામણા કરવામાં આવ્યા બાદ હવે સદ્ભાવના વૃધ્ધાશ્રમ તરફથી આ વર્ષે રાજકોટને જોડતા હાઇ–વે પર વૃક્ષારોપણનું અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. રાજકોટથી મોરબી ૬૦ કિમીના રસ્તાની બંને સાઇડ ઉપર આ વર્ષે વૃક્ષારોપણનું કામ શરૂ થયું છે. તે જ રીતે હવે રાજકોટથી ભાવનગર સુધી૧૭૦ કિ.મી.ના હાઇવે ઉપર વૃક્ષારોપણ થઇ ગયું છે. એક સમયે આ હાઇ વે વૃક્ષોથી રળીયામણાં હતા, પરંતુ કોરટ્રેક અને સિકસટ્રેક થતાં વૃક્ષોનું નિકંદન નીકળી ગયું છે. તેથી કરીને આ હાઇ–વે હરીયાળા કરવાનું અભિયાન સ્વૈચ્છિક રીતે, માત્ર પર્યાવરણની સેવાની ભાવનાથી હાથ ધરવામાં આવ્યું હોવાનું જણાવી આ અભિયાનનાં સુત્રધાર વિજયભાઇ ડોબરીયાએ જણાવ્યું હતું કે રાજકોટમાં અમે ૭૧ હજાર પરીવારોનાં ઘર આંગણે વૃક્ષો ઉછેર્યા છે. જેમાં ૨ લાખ જેટલા વૃક્ષો વવાઇ ચુકયા છે અને તેનું જતન પણ થઇ ચુકયું છે.

જામનગર શહેરમાં પણ વૃક્ષારોપણનું કામ આગળ વધાર્યુ છે. સુરતમાં પણ ૬૦ હજાર વૃક્ષો વવાય ચુકયા છે અને તેનું જતન પણ કરવામાં આવી રહ્યાં છે. લોખંડના પીજરા સામે વૃક્ષોનું સલામત રીતે આરોપણ કરવામાં આવ્યા બાદ આખુ વર્ષ ટેન્કર ભાડે રાખી તેને પાણી પીવડાવવામાં આવે છે. કોઇ કારણથી રોપાને નુકસાન થયું હોય તેની જગ્યાએ બીજા રોપાનું વાવેતર કાર્યકરો કરી આપે છે. પડધરી તાલુકાની તમામ સરકારી ખરાબાની જમીન અને જાહેર સ્થળોએ ૨ લાખ ૮૭ હજાર વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હોવાનું જણાવી તેઓએ ઉમેર્યુ હતું કે એક સમયે અહીં ગાંડા બાવળ ઉભા હતા, પરંતુ આજે હરીયાળા વૃક્ષો કતારબંધ જોવા મળે છે. લીલાછમ વૃક્ષોથી શોભતા માર્ગો જેમ શહેરની અલગ ઓળખ ઉભી કરી રહ્યાં છે તેમ સૌરાષ્ટ્રને જોડતા હાઇવે પણ હરીયાળી થકી કાઠીયાવાડની પ્રાકૃતિક શોભામાં વધારો કરશે.

વધુ માહિતી માટે સદ્ભાવના વૃદ્ધાશ્રમ 'પીપળીયા ભવન' સ્વામિનારાયણ ગુરૂકુળની સામે, ગોંડલ રોડ, ફાટક પાસે, ઓવરબ્રિજની નીચે, ડી–માર્ટ વાળી શેરી, રાજકોટ. મો. ૮૫૩૦૧ ૩૮૦૦૧ / ૮૦૦૦૨ ૮૮૮૮૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

### બગડતા પર્યાવરણને બચાવવા શ્રેષ્ઠ પ્રયાસ

## અમરેલી ખાતે સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી

**સંસ્થાનાં કર્મચારીઓ દ્વારા ઠેર–ઠેર વૃક્ષારોપણ**



અમરેલી, તા. ૫

માનવ સર્જિત કે કુદરતી કારણોસર પૃથ્વીની આબોહવામાં થઇ રહેલા પરિવર્તનો જેવા કે સરેરાશ તાપમાનમાં વધારો, વરસાદની માત્રામાં ફેરફારો, વાવાઝોડાની ઘટનાઓમાં વધારો, વગેરેને આબોહવા પરિવર્તન કે વૈશ્વિક ઉષ્ણતા કહેવામાં આવે છે. સમયાંતરે કુદરતી કારણોસર આબોહવામાં પરિવર્તન થતા રહે છે. પરંતુ છેલ્લા સો વર્ષોમાં થયેલા પરિવર્તનો માટે મુખ્યત્વે માનવ નિર્મિત કારણો જ જવાબદાર છે

ગ્લોબલ વોર્મિંગને પહોંચી વળવા અને ખર્ચાઓને વર્ગીકૃત કરવા અને વિવિધ ખ્યાલોના ફાયદાઓ સંદર્ભે કામ કરતા અહેવાલો માટે આઇપીસીસીનું વર્કીંગ ગ્રુપ ||| જવાબદાર છે. ૨૦૦૭માં આઇપીસીસી ફોર્થ એસેસમેન્ટ રિપોર્ટમાં તેઓએ અંતમાં દર્શાવ્યું હતું કે કોઇ પણ ટેકનોલોજી અથવા ક્ષેત્ર ભવિષ્યના વોર્મિંગને પહોંચી વળવા સંપૂર્ણપણે જવાબદાર નથી. વિવિધ ક્ષેત્રોમાં અગત્યના આચરણ અને ટેકનોલોજી હોવાનું તેમણે શોધી કાઢયું હતું જેમાં ઉર્જા પુરવઠો, વાહનવ્યવહાર, ઉદ્યોગ અને કૃષિનો સમાવેશ થાય છે, જેનો વૈકિ પ્રદૂષણો ઘટાડવા માટે અમલ કરી શકાય. આજે વર્તમાનનુ ઋતુચક્ર બદલાય ગયુ છે. આ બધુ પર્યાવરણને પહોચડવામા આવતા નુકસાનને કારણ થાય છે.

આજરોજ ગુજરાત સ્ટેટ એઇડ્સ કંટ્રોલ સોસાયટી દ્વારા અનુદાનિત લિન્ક વર્કર સ્કિમ કાર્યક્રમ. જેમાં શ્રી સર્વોદય મહિલા ઉદ્યોગ મંડળ દ્વારા ૫ જૂન વિ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં અમરેલી જિલ્લા નાયબ વન સંરક્ષક શ્રી શેત્રુંજી વન્ય વિભાગ દ્વારા કાર્યક્રમની ઉજવણીમા ભાગ લેવામાં આવ્યો હતો.

આ સાથે સંસ્થા સાથે જોડાયેલા બધા કર્મચારીઓએ પણ જે તે ગામડામાં વૃક્ષારોપણ કર્યુ હતું. જયાં જિલ્લા સ્તરના કાર્યક્રમ તેમજ પ્રોજેકટના ગામડાઓમા HRG (હાઇ રિસ્ક ગ્રૂપ)ને સન્માન મળે એ હેતુ સાથે તેમનાં હાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. જેમાં લીમડો, પીપળો, બદામ, દાડમડી વગેરે જેવા કે જે છાયો, ફળ પણ આપે સાથે સાથે આકિસજન આપે આને કાર્બન ડાયોકસાઇડ ઘટાડે જેવા રોપા રોપણ કરવામાં આવ્યા હતા. જેમાં જિલ્લા સ્તરના સ્ટાફે પણ ભાગ લીધો હતો.

## સાવરકુંડલા ખાતે સદગુરૂ કબીર સાહેબનાં ૬૨૫માં પ્રાગટય દિવસની ઉજવણી

સાવરકુંડલા. તા.૫

સાવરકુંડલા કબીર ટેકરી આશ્રમ ખાતે પ.પૂ.મહંત નારાયણદાસ સાહેબનાં સાંનિધ્યમાં જેઠ સુદ–૧૫ તા.૦૪/૦૬/૨૩, રવિવારનાં રોજ શ્રી સદગુરૂ કબીર સાહેબનાં ૬૨૫ માં પ્રાગટય મહોત્સવની ઉજવણી કરવામાં આવેલ હતી. જેમાં સવારે ૬ કલાકે બીજક પાઠ,સવારે ૮:૩૦ કલાકે ધજા રોહણ, સવારે ૯ કલાકે આરતી, સવારે ૧૦ કલાકે સત્સંગ,બપોરે ૪ કલાકે ભજન તથા સાંજે ૬ કલાકે મહાપ્રસાદનું આયોજન કરેલ હતું.જેમાં બહોળી સંખ્યામાં ભાવિ ભકતોએ સહકુટુંબ તથા મિત્રમંડળ સહિત સમયસર પધારીને આ ધાર્મિક પ્રસંગે અભિવૃદ્ધિ કરેલી હતી તથા સદગુરૂ કબીર સાહેબ,સદગુરૂ તપસ્વી શ્રી રામપ્રતાપ સાહેબ,સદગુરૂ શ્રી બિહારી સાહેબ,સદગુઢ શ્રી નિર્મળ સાહેબ અને મહંતશ્રી નારાયણદાસ સાહેબના આર્શીવાદ લઈને ધન્યતાની અનુભૂતિ કરેલ હતી. એમ મનીષભાઈ વિંઝુડાની એક અખબારી યાદીમાં જણાવાયું હતું

## સાવરકુંડલાની કે. કે. હાઇસ્કૂલનાં વિદ્યાર્થીઓ બોર્ડ પરીક્ષામાં અગ્રેસર

સાવરકુંડલા, તા. ૫

નૂતન કેળવણી મંડળ સંચાલિત પૂજય લલ્લુભાઈ શેઠની નિશ્રામાં વટવૃક્ષસમી સાવરકુંડલામાં સ્થિત કે.કે. હાઈસ્કૂલ હરહંમેશ વિદ્યાર્થીઓ માટે શિક્ષણનો છાયો ફેલાવતી રહી છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ કે. કે. હાઈસ્કૂલનું બોર્ડ પરીક્ષાનું પરિણામ અગ્રેસર રહ્યું છે.

આ વર્ષનું પરિણામ જોઈએ તો ધોરણ ૧૦માં બગડા ધૈર્ય ૯૭.૫૯ P.R. મેળવીને પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. તેમજ ધોરણ ૧૨ આર્ટસ વિભાગમાં ટાંક એકતાબેને ૯૬.૧૬ P.R. મેળવીને શાળા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. આ ઉપરાંત ધોરણ ૧૨ કોમર્સ વિભાગમાં હિંગુ ધારાબેને ૯૮.૦૬ P.R. મેળવીને શાળા કક્ષાએ પ્રથમ નંબર પ્રાપ્ત કર્યો હતો. તેમજ ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહમાં ગોંડલીયા સૃષ્ટિબેને ૯૪.૮૩ P.R. મેળવીને શાળા કક્ષાએ પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુ હતું. દર વર્ષે બોર્ડ દ્વારા યોજાતી પરીક્ષામાં કે. કે. હાઈસ્કૂલ અસરકારક પરિણામ મેળવતી રહી છે. ધોરણ ૧૨ વિજ્ઞાનપ્રવાહમાં ઉત્સાહી શિક્ષકોની ટીમ દ્વારા કે.કે. હાઈસ્કૂલનું શ્રેષ્ઠ પરિણામ જોવા મળે છે. આ ઉપરાંત ધોરણ ૧૨ ના કોમર્સ વિભાગમાં કે. કે. હાઈસ્કૂલ હંમેશા અગ્રેસર પરિણામ મેળવતી રહી છે.

નામાના મૂળતત્વો વિષયના શિક્ષક પ્રકાશભાઈ પટેલની મહેનતથી માર્ચ ૨૦૧૫માં ના.મૂ. વિષયમાં પડીયા નમ્રતાએ ૧૦૦માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કર્યા હતા. તેમજ આ વર્ષે પણ મકવાણા માનવે ના.મૂ. વિષયમાં ૧૦૦ માંથી ૧૦૦ ગુણ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યુ હતું. તેમજ ધોરણ ૧૨ આર્ટસ વિભાગમાં યુવા શિક્ષકોની ટીમ દ્વારા શ્રેષ્ઠ પરિણામ લાવવામાં કે.કે. હાઈસ્કૂલ સફળ રહી છે.

ગયા વર્ષે પણ આર્ટસ વિભાગમાં ૯૯.૧૭ P.R. સાથે વરિયા અભયકુમારે સમગ્ર કેન્દ્રમાં પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો. તેમજ ધોરણ ૧૦ના પરિણામમાં પણ શાળા ઉતરોતર પ્રગતિ કરતી રહી છે.

ઉપરોકત શાળાની સફળતાનું શ્રેય શાળાના આચાર્યના માર્ગદર્શનને તેમજ શિક્ષકોની કાર્યદક્ષતાને આભારી છે. પરિણામમાં આવો શ્રેષ્ઠ દેખાવ કરવા બદલ નૂતન કેળવણી મંડળના પ્રમુખ ચંદ્રિકાબેન કામદાર, ઉપપ્રમુખ મુકુંદભાઈ નાગ્રેચા, મેનેજિંગ ટ્રસ્ટી જયંતીભાઈ વાટલીયા તેમજ કે. કે. હાઈસ્કૂલના આચાર્ય જે.ટી. ખડદિયાએ વિદ્યાર્થીઓને તેમજ સ્ટાફ પરિવારને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા હતાં.

## ભાયાવદર અને તાલાળી ગામે પ્રા.શાળામાં સંચાલક, રસોઇયાની જગ્યા પર ઉમેદવારો અરજી કરી શકશે

અમરેલી તા.૦૫, વડીયા તાલુકાના ભાયાવદર અને તાલાળી ગામે પ્રા. શાળામાં સંચાલક, રસોઈયાની જગ્યા ખાલી છે. યોગ્ય પાત્રતા ધરાવતા ઉમેદવારો તા. ૧૫ જુન, ૨૦૨૩ બપોરના ૨ વાગ્યા સુધીમાં મામલતગદાર કચેરી, વડીયાની રજીસ્ટ્રી શાખામાં અરજી કરી શકશે. વધુ માહિતી માટે વડીયા મામલતદાર કચેરીનો સંપર્ક કરવા મામલતદાર, વડીયાની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# અમરેલી જિલ્લામાં ગીર(પૂર્વ) વન વિભાગ દ્વારા પર્યાવરણ દિનની ઉજવણી





વિશ્વ પર્યાવરણ દિવસ–૨૦૨૩ની ઉજવણી ગીર(પૂર્વ) વન વિભાગની કુલ ૮ રેન્જોમાં કરવામાં આવી હતી. આ ઉજવણીમાં કુલ–૨૬ જેટલી શાળાઓનાં બાળકો, શિક્ષકો, ગામલોકો, સ્ટાફ મળીને કુલ ૯૦૦ લોકોએ ભાગ લીધો હતો. આ વર્ષનાં વિશ્વ પર્યાવરણ દિવસની થીમ Beat Plastic Pollution હતી. આ ઉજવણીનાં કાર્યક્રમોમાં મુખ્યમંત્રીનાં ઉદ્બોધન,અ પ્લાસ્ટીક પ્રદૂષણ અટકાવવા અને પર્યાવરણ બચાવવાના વિષયો પર ચર્ચાઓની સાથે પર્યાવરણ બચાવવાનાં શપથ લેવડાવવામાં આવ્યા હતા. ત્યારબાદ વિવિધ વૃક્ષોનું બાળકો અને મહાનુભાવોનાં હાથે વાવેતર કરવામાં આવ્યું હતું. ચિખલકુબા કેમ્પ સાઈટ ખાતે વિશેષમાં દેશી જાતોનાં બીજનું બાળકોને વિતરણ અનં જંગલી જાતોનાં રોપાઓનું વાવેતર કરવામાં આવ્યું હતું. અંતમાં ઉજવણીમાં સામેલ તમામ લોકોએ પર્યાવરણનાં સંરક્ષણ માટે પોતાની કટીબધ્ધતા વ્યકત કરી હતી.

## પાલિકાનાં શાસકોએ શહેરને સુંદર અને રળીયામણું બનાવવા કમર કસી

# અમરેલીમાં સ્વચ્છતા અભિયાન વેગવંતુ થયું

શહેરનાં નદીકાંઠા વિસ્તાર, રૂપમ રોડ, કપોળ બોર્ડિંગ, ચિતલ રોડ, વરસડા રોડ સહિતનાં વિસ્તારમાં સફાઈ અભિયાન શરૂ

શહેરનાં તમામ જાહેરમાર્ગો અને બાદમાં રહેણાંક વિસ્તારમાં પણ સ્વચ્છતા અભિયાન શરૂ કરાશે

શહેરમાં પીવાનું પાણી, સ્ટ્રીટલાઈટ, સ્વચ્છતા, બિસ્માર માર્ગોની મરામત સહિતનાં મામલે ઝડપથી કામગીરી કરાશે

શહેરીજનોને પ્રાથમિક સુવિધા વધુમાં વધુ મળે તે માટે નાગરિકોને બાકી વેરા ઝડપથી ભરવા અનુરોધ થયો



અમરેલી, તા. ૫

અમરેલીમાં પાલિકાનાં શાસકો ધ્વારા અભિયાન શરૂ કરવામાં આવેલ હોય શહેરીજનો પાલિકાનાં કાર્યથી ખૂશ થયા છે અને શહેરમાં અવિરત સ્વચ્છતા કાર્ય શરૂ રહે તેવી અપેક્ષા પણ રાખી રહ્યાં છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ સ્વચ્છતાનાં આગ્રહી મહાત્મા ગાંધીમાંથી પ્રેરણા લઈને છેલ્લા પાંચ-સાત વર્ષથી સમગ્ર દેશમાં સ્વચ્છતા અભિયાન ચલાવી રહ્યા છે અને ગ્રામ પંચાયતથી લઈને મહાનગરપાલિકા સુધી સ્વચ્છતાનાં સાધનો તેમની વિશેષ આર્થિક સહાય પણ કેન્દ્ર અને રાજય સરકારનાં માધ્યમથી કરવામાં આવી રહી છે અને જયાં ''સ્વચ્છતા ત્યાં સ્વસ્થતા'' કહેવતને સાર્થ કરવામાં આવી રહી છે.

અમરેલી પાલિકાનાં ભાજપી શાસકો પણ સ્વચ્છતાનાં આગ્રહી છે અને દર મહિને મોટી રકમનો ખર્ચ સ્વચ્છતા પાછળ કરે છે અને સ્વચ્છતાથી જ શહેર સુંદર અને રળિયામણું બનતું હોય છે તે પણ હકીકત છે.

શહેરમાં આજે જુદા-જુદા વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન થતું હોય તેવા દ્રશ્યો સામે આવ્યા હતા. પાલિકાનાં શાસકોએ શહેરનાં તમામ રાજમાર્ગો, રહેણાંક વિસ્તારોમાં સ્વચ્છતા અભિયાન શરૂ કર્યુ છે અને સ્ટ્રીટલાઈટ, નિયમિત પાણી વિતરણ સહિતની પ્રાથમિક સુવિધાઓ પણ ઝડપથી મળે તેવા પ્રયાસો શરૂ થયા હોય શહેરીજનોને બાકી અને ચાલું વેરા સમયસર ભરવા પણ અનુરોધ કરવામાં આવ્યો છે.

જોઈએ છે

પેટ્રોલપંપ પર કામ કરી શકે તેવા ભાઈઓ / બહેનો આકર્ષક પગારથી જોઈએ છે

શ્રી ક્રિષ્ના પેટ્રોલ પંપ

HP પેટ્રોલ પંપ, માણેકપરા, અમરેલી.

## પાલિકાનાં શાસકો યોગ્ય કરે તે જરૂરી

# સાવરકુંડલાનાં વોડ-૭માં માર્ગ બનાવવામાં નિયમોનો ઉલાળીયો

### જનતાજનાર્દનનાં પૈસાનો સદ્‌ઉપયોગ કરો

સાવરકુંડલા, તા. ૫

સાવરકુંડલા ખાતે વોર્ડનંબર ૭ના લુહારજ્ઞાતિના મંદિરથી લોહાણા મહાજન વાડી પાસેના પેવિગ બ્લોક રોડના રિપેરીગ કામમાં એકદમ નબળું કામ થયાની વ્યાપક ફરિયાદ ઉઠવા પામી છે. ત્યારે આ રિપેરિગ કામનું બિલ ન ચૂકવવા માંગણી કરવામાં આવેલ છે

વોર્ડ નંબર ૭ના લુહાર જ્ઞાતિ મંદિરથી લુહાણા મહાજન વાડી સુધી ના પેવિંગ બ્લોક રોડ રિપેરીગ કરવા અંગેનું કામ આપવામાં આવેલ હતું આ રિપેરીંગ કામમાં જુના બ્લોક કાઢી સામાન્ય કપચી નાખી જેમ તેમ કામ કરી કામ પૂર્ણ કરવામાં આવેલ છે. જેમાં સાઈડમાંથી પેવિંગ બ્લોક કાઢી

અનુસંધાન પાના ૬ ઉપર



## અશાંતધારા હેઠળ આવરી લેવાયેલ વિસ્તારોમાં

# અમરેલીમાં મિલ્કત વેચાણ માટેની અરજીની ફાઈલોનો ઝડપથી નિકાલ કરો

### કોંગી પ્રમુખ ડી.કે. રૈયાણીની આગેવાનીમાં કલેકટર સમક્ષ માંગ



અમરેલી, તા. ૫

અમરેલી જિલ્લા કલેકટર તરીકે નવનિયુકત કલેકટર અજય દહિયાની જિલ્લા કોંગ્રેસ પ્રમુખ ડી.કે. રૈયાણી સહિત કોંગ્રેસ અગ્રણીઓએ

અનુસંધાન પાના ૬ ઉપર




## ધારાસભ્ય જે.વી. કાકડીયાની જહેમતથી

# બગસરાનાં ૧૦ ખેતીવાડી ફિડરમાં સૂર્યોદય યોજનાનો પ્રારંભ થતાં હાશકારો

### ખેડૂતોને દિવસે વીજળી મળવી શરૂ

બગસરા, તા. ૫

બગસરા તાલુકાના ખેતીવાડી ફિડરોનો સૂર્યોદય યોજનાની અંદર સમાવેશ થાય છે.

આજથી ખેડૂતોને ખેતીવાડી ફિડરોમાં દિવસે લાઈટ મળવાનું શરૂ કરેલ છે. બગસરા તાલુકાનાં ૧. સમઢીયાળા ફિડર, ૨. રફાળા ફિડર, ૩. માંડવડા ફિડર, ૪. ઘંટીયાણા ફિડર, ૫. આદપુર ફિડર, ૬. હામાપુર ફિડર, ૭. અડકલા ફિડર, ૮. મચ્છુઆઈ ફિડર, ૯. સોમનાથ ફિડર, ૧૦. કેનાલ ફિડરની અંદર સૂર્યોદય યોજના શરૂ કરાઈ.









## આમ આદમી પાર્ટીની કલેકટરને રજુઆત

# અમરેલીનાં પાદરમાં આવેલ વડી સિંચાઈ કેનાલમાં સફાઈકાર્ય થતું નથી

### ખેડૂતોનાં હિતમાં કેનાલની સફાઈ કરવા માંગ

અમરેલી, તા. ૫

અમરેલી આમ આદમી પાર્ટીનાં અગ્રણી જયદીપ પાંચાણીએ કલેકટરને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે,વડી ડેમની જયાંથી શરૂઆત થાય (વેણીવદર ગામથી) ત્યાંથી ડેમની બારી સુધી (માંગવાપાળ ગામ સુધી) નહેર આવેલ તે નહેરમાં હાલ ઘાસ, માટી અને બાવળ ને કારણે નહેર બુરાય ગયેલ છે. હાલ હમણા ચોમાસાની રૂતુ આવી રહી છે. આ નહેર બુરાવવાને કારણે વેણીવદર ગામમાં પાણીનો ભરાવો થાય છે. એન આના કારણે ભુતકાળમાં ઘણાનાં

અનુસંધાન પાના ૬ ઉપર

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)